Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

આજનો સુવિચાર
તક ગુમાવો તો આંસુથી આંખો ભીની ના કરશો, આંખો ચોખ્ખી હશે તો જ આવનારી તક જોઈ શકશો

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રીઃ સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શનિવાર, તા.૧૧ મે, ૨૦૨૪
11/5/2024 * VOL : 44 * NO. 237 સંવત- ૨૦૮૦, ચૈત્ર સુદ-૪

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

# ‘મને જીવતો દાટવાની વાતો નકલી શિવસેનાવાળા કરે છે’ : મોદી

## મહારાષ્ટ્રમાં વડાપ્રધાન મોદીએ સભા ગજવી: વડાપ્રધાને કહ્યું કે, આ લોકો કહે છે કે, મોદી તારી કબર ખોદાશે : તેઓ તૃષ્ટિકરણ માટે આવી ભાષા બોલી રહ્યા છે

**(એજન્સી) નંદુરબાગ,**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના નંદુરબાગમાં આજે વિશાળ ચૂંટણી રેલીને સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કોંગ્રેસની સાથે સાથે શિવસેના યુબીટી પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે, નકલી શિવસેનાના લોકો મને જીવતો દાટવા માંગે છે.

વડાપ્રધાને કહ્યું કે, ‘આ લોકો કહે છે કે, મોદી તારી કબર ખોદાશે. તેઓ તૃષ્ટિકરણ માટે આવી ભાષા બોલી રહ્યા છે. તેઓ મોદીને જમીનમાં દાટવાના સપના જોઈ રહ્યા છે. તેમની રાજકીય જમીન ખસી ગઈ છે. તેઓ જાણતા નથી કે, દેશની માતાઓ અને બહેનો મોદીની સુરક્ષા કરશે.’

તેમણે વધુમાં કહ્યું કે, ‘મહાવિકાસ અઘાડી અનામતનું મહાભક્ષણ કરવા મહાઅભિયાન ચલાવી રહ્યા છે. જ્યારે મોદી SC-ST-OBCના અનામતને બચાવવા, મહારક્ષણ કરવા મહાયક્ષ કરાવી રહ્યો છે. હું કોંગ્રેસના શાહી પરિવારની જેમ મોટા પરિવારમાંથી આવ્યો નથી. હું તો ગરીબીમાં મોટો થયો છું. હું જાણું છું કે, તમે અહીં કેટલી તકલીફો વેઠી છે, તમારા જીવનમાં પણ મુશ્કેલીનો પહાડ હતો, ઘણા આદિવાસીઓ પાસે પાકુ મકાન ન હતું, આઝાદીના ૬૦ વર્ષ વિતવા છતાં ગામડાઓમાં વીજળી પહોંચી નહતી.’ વડાપ્રધાને કહ્યું કે, ‘મોદીએ સંકલ્પ કર્યો હતો કે, તમામ ગરીબો-આદિવાસીઓને ઘર, તમામ આદિવાસીઓના ઘરમાં પાણી, તમામ પરિવારને પાણીની સુવિધા, તમામ ગામડોમાં વીજળીની સુવિધા પુરી પડાશે. અમે પીએમ આવાસ યોજના હેઠળ નંદુરબાગના લગભગ ૧.૨૫ લાખ ગરીબોને પાક્કા મકાનો આપ્યા. અમે છેલ્લા ૧૦ વર્ષમાં ચાર કરોડ પાક્કા મકાનો આપ્યા છે અને અમે ત્રીજી ટર્મમાં વધુ ત્રણ કરોડ ઘર આપીશું.’ વડાપ્રધાન મોદીએ કેન્દ્રની ભાજપના નેતૃત્વ હેઠળની મોદી સરકારની યોજનાઓનો ફાયદાઓ ગણાવતા કહ્યું કે, NDA સરકારે ‘હર ઘર જળ’ યોજના હેઠળ મહારાષ્ટ્રના ૨૦,૦૦૦થી વધુ ગામડાઓમાં નળથી જળ પહોંચાડ્યું છે. આમાં નંદુરબારના ૧૧૧ ગામડાઓ પણ સામેલ છે. હજુ તો આ ટ્રેલર છે, હજુ તો મોદીએ ઘણું બધુ કરવાનું છે અને તમારા માટે કરવાનું છે.’

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં ધર્મ આધારિત અનામતનો મામલો આગળ ધર્યો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં પૂછ્યું કે કોંગ્રેસમાં ધર્મ આધારિત અનામત શા માટે? પીએમ મોદીએ વધુમાં કહ્યું કે કોંગ્રેસ તમારી સંપત્તિ હડપવાના ષડયંત્રમાં છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જ્યાં સુધી તેઓ જીવિત છે, ત્યાં સુધી અનામતનો અધિકાર કોઈ છીનવી શકે નહીં. એક તરફ, કોંગ્રેસ કહે છે કે મોદી તમારી કબર ખોદશે. એક તરફ નકલી શિવસેના મને દફનાવવાની વાત કરે છે. મેં બાળાસાહેબ ઠાકરેને ખૂબ નજીકથી જોયા છે. આ લોકો જીવતા હોવા છતાં પણ મોદીને જમીનમાં દફનાવી શકશે નહીં.



## સંક્ષિપ્ત સમાચાર

### ઉ.પ્રદેશમાં ભાજપની મોટી હાર થવા જઈ રહી છે : રાહુલ ગાંધી

**(એજન્સી) કન્નૌજ,**
લોકસભા ૨૦૨૪ની ચૂંટણી માટે પ્રથમ ત્રણ તબક્કાનું મતદાન પૂર્ણ થઈ ગયું છે અને હવે ચોથા તબક્કામાં માટે રાજકીય પક્ષો પૂરજોશમાં પ્રચંડ પ્રચાર કરી રહ્યા છે. ત્યારે રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશના કન્નૌજમાં અખિલેશ યાદવની રેલીને સંબોધિત કરતા ભાજપ અને વડાપ્રધાન મોદી પર આકરા પ્રહારો કર્યા છે. રાહુલ ગાંધીએ કહ્યું કે ‘લખી લો, ઉત્તર પ્રદેશમાં ઈન્ડી એલાયન્સનું તોફાન આવી રહ્યું છે.’ આ ઉપરાંત રેલીને સંબોધિત કરતા દરમિયાન વધુમાં કહ્યું હતું કે ‘તમે લખી લો કે ઉત્તર પ્રદેશમાં ભાજપની સૌથી મોટી હાર થવા જઈ રહી છે અને યુપીમાં પરિવર્તન આવશે તો દેશમાં પરિવર્તન આવશે. રાહુલ ગાંધીએ વધુમાં અદાણી-અંબાણીનું નામ લઈને વડાપ્રધાન પર પ્રહાર કરતા કહ્યું કે ‘પીએમ મોદીએ ૧૦ વર્ષ સુધી અદાણી અને અંબાણીના નામ લીધા ન હતા.

### મહાદેવ સટ્ટાબાજી એપ દ્વારા શેરબજારમાં ૧૦૦૦ કરોડનું રોકાણ કરાયું

**(એજન્સી) નવીદિલ્હી,**
મહાદેવ સટ્ટાબાજીની એપના ૧ હજાર કરોડનું ભારતીય શેરબજારમાં રોકાણ કરવામાં આવ્યું હોવાનું કહેવાય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) આ રેકેટની તપાસ કરી રહી છે. આરોપી સુરેશ ચોકાનીની પૂછપરછમાં આ ખળભળાટજનક માહિતી મળી હતી. બનાવટી કંપનીઓ દ્વારા શેરમાર્કેટમાં રોકાણ કરવામાં આવ્યું હોવાની કબૂલાત ચૌકાનીએ કરી હતી. ઈડીને તેણે માહિતી આપી હતી કે સ્ટોક એક્સચેન્જ એપનો રોકાણ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ઈડીની તપાસ દરમિયાન સુરેશ ચૌકાનીએ હરીશંકર ટિબરેવાલ નામની વ્યક્તિનું નામ સામે આવ્યું છે. ઈડીને શંકા છે કે મહાદેવ સટ્ટાબાજી મેળવેલા ૧ હજાર કરોડ ભારતની જ બનાવટી કંપની અને ડી-મેટ એકાઉન્ટ ખોલીને શેરબજારમાં રોકાણ કરવામાં આવ્યું હતું.

### મહિલા રેસલર્સના જાતીય શોષણ મામલે બ્રિજભૂષણને લાગ્યો ઝટકો

**(એજન્સી) નવીદિલ્હી,**
મહિલા રેસલર્સના કથિત જાતીય શોષણ મામલે કુસ્તી સંઘના પૂર્વ અધ્યક્ષ અને બીજેપી નેતા બ્રિજ ભૂષણ શરણ સિંહને રાઉઝ એવન્યુ કોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે બ્રિજ ભૂષણ સામે આરોપ ઘડવાનો આદેશ આપ્યો છે. આ સાથે બ્રિજ ભૂષણના સચિવ વિનોદ તોમર સામે આરોપો ઘડવાના પણ આદેશ આપવામાં આવ્યા છે. રાઉઝ એવન્યુ કોર્ટના એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ પ્રિયંકા રાજપૂતે આ આદેશ આપ્યો હતો. કોર્ટે કહ્યું કે બ્રિજ ભૂષણ સામે આરોપ ઘડવા માટે પૂરતા પુરાવા છે. બ્રિજ ભૂષણ વિરુદ્ધ કલમ ૩૫૪ (કોઈ મહિલાની ગરીમાને ઠેસ પહોંચાડવાના ઈરાદા સાથે તેના પર હુમલો અથવા ફોજદારી બળ), ૩૫૪ અને કલમ ૫૦૬ હેઠળ આરોપો ઘડવાનો આદેશ આપવામાં આવ્યો હતો.

# ભારતે પાકિસ્તાનું સન્માન કરવું જોઈએ, એની પાસે પરમાણુ બોમ્બ છે

## કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરનો બફાટ

**(એજન્સી) નવી દિલ્હી,**
વારસાગત ટેક્સ અને ભારતીયો વિશે જાતિવાદી ટિપ્પણી કરનાર ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સામ પિત્રોડા બાદ હવે કોંગ્રેસના વધુ એક નેતાનું નિવેદન સામે આવ્યું છે. પાર્ટીના વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પાકિસ્તાનને લઈને વિવાદિત નિવેદન આપ્યું છે.


મણિશંકર ઐયરે કહ્યું કે ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ કારણ કે પાડોશી દેશ પાસે પરમાણુ બોમ્બ છે. જો આપણે તેમનું સન્માન નહીં કરીએ તો તેઓ ભારત પર પરમાણુ હુમલો કરવાનું વિચારી શકે છે. અય્યરે કહ્યું કે ભારતે એ ન ભૂલવું જોઈએ કે પાકિસ્તાન પાસે પણ પરમાણુ હથિયાર છે. મને સમજાતું નથી કે વર્તમાન સરકાર શા માટે કહે છે કે અમે પાકિસ્તાન સાથે વાત નહીં કરીએ કારણ કે ત્યાં આતંકવાદ છે. એ સમજવું જરૂરી છે કે આતંકવાદને ખતમ કરવા માટે વાતચીત ખૂબ જ જરૂરી છે. નહીં તો પાકિસ્તાન વિચારશે કે ભારત અહંકારથી આપણને દુનિયામાં નાનું દેખાડી રહ્યું છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનનો કોઈપણ પાગલ આ બોમ્બનો ઉપયોગ કરી શકે છે. મણિશંકરે ચેતવણીભર્યા શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે. અમારી પાસે પણ છે પણ જો કોઈ પાગલ આ બોમ્બ લાહોરથી છોડવાનું નક્કી કરે તો શું થાય. આ રેડિયેશનને અમૃતસર પહોંચવામાં આઠ સેકન્ડ પણ નહીં લાગે. જો આપણે તેમને માન આપીશું તો તેઓ શાંત રહેશે પરંતુ જો આપણે તેમને નાના દેખાડતા રહીશું તો કોઈ પાગલ આવીને બોમ્બ ફેંકશે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે હું એમ નથી કહેતો કે આપણે વિચારવું જોઈએ કે આપણી સમસ્યાઓ કેવી રીતે હલ થશે? આ નિષ્ણાતોનું કામ છે. હું માત્ર એટલું જ કહું છું કે તમે નફરત દર્શાવીને કે બંદૂક બતાવીને પરિસ્થિતિ સુધારી શકતા નથી. આપણે સમજવું પડશે કે પાકિસ્તાન પણ એક સાર્વભૌમ રાષ્ટ્ર છે, તેનું સન્માન પણ છે. તેમનું માન જાળવીને આપણે કડકાઈથી બોલવું જોઈએ. હવે શું થઈ રહ્યું છે? અમે વાત નથી કરી રહ્યા, આનાથી તણાવ વધી રહ્યો છે. અય્યરે કહ્યું કે અમે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધોને મજબૂત કરવા માટે ખૂબ જ મહેનત કરી છે. પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી તમામ વાતો બંધ છે. જ્યારે બીજી વ્યક્તિ પાસે તાકાત ન હોય ત્યારે આપણે તાકાત બતાવવી જોઈએ. તેની તાકાત રાવલપિંડીમાં પડેલી છે. ગેરસમજ ફેલાશે તો ઘણી તકલીફ થશે. તેમણે કહ્યું કે રાજીવ ગાંધીએ પાકિસ્તાન સાથે યુદ્ધના ભય વચ્ચે શાંતિનો માર્ગ શોધી કાઢ્યો હતો.



# કેજરીવાલને કોર્ટમાંથી મળી રાહત
## ૧ જૂન સુધીના વચગાળાના જામીન મંજૂર
### અરવિંદ કેજરીવાલને ૨ જૂને કરવું પડશે સરેન્ડર

**(એજન્સી) નવી દિલ્હી,**
દિલ્હીના શરાબ કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને અંતે વચગાળાના જામીન મળી ગયા છે. કેજરીવાલના વચગાળાના જામીન પર સુપ્રીમ કોર્ટે આજે પોતાનો ચુકાદો આપ્યો છે. જોકે, ૨ જૂને તેમને ફરીથી આત્મસમર્પણ કરવી પડશે. કેજરીવાલે મત ગણતરી સુધી તેમને જામીન આપવા વિનંતી કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટે તેમની અરજી ફગાવી દીધી હતી અને તેમને ૨ જૂને આત્મસમર્પણ કરવાનો નિર્દેશ આપ્યો હતો. એટલે કે તેમને ૧ જૂન સુધીના જામીન મળ્યા છે.

કેજરીવાલની ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૨૧ માર્ચે રદ કરાયેલી દિલ્હી એક્સાઈઝ પોલિસી ૨૦૨૧-૨૨માં કથિત અનિયમિતતાઓને લગતી મની લોન્ડરિંગ તપાસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. મંગળવારે બેન્ચે કેજરીવાલને આગામી લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરવા સક્ષમ બનાવવા માટે વચગાળાના જામીન આપવાનો સંકેત આપ્યો હતો. જોકે, બેન્ચે એમ પણ કહ્યું હતું કે, જો વચગાળાના જામીન આપવામાં આવશે, તો પણ કેજરીવાલને મુખ્યમંત્રી તરીકે કોઈપણ સત્તાવાર ફરજો નિભાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ કેજરીવાલને દારૂ કૌભાંડ કેસમાં આરોપી બનાવશે અને તેમની સામે પૂરક ચાર્જશીટ દાખલ કરી શકે છે. આ પહેલીવાર બનશે જ્યારે કોઈ રાષ્ટ્રીય પાર્ટીને આરોપી બનાવવામાં આવશે. ઈડીની ચાર્જશીટમાં કેજરીવાલને મુખ્ય કાવતરાખોર અને તેમની પાર્ટીને આરોપી તરીકે દર્શાવવામાં આવી છે. દારુ કૌભાંડના આરોપમાં જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની વચગાળાની જામીન અરજી પર સુપ્રીમ કોર્ટના નિર્ણયના એક દિવસ પહેલા જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ગુરુવારે તેમના જામીનનો વિરોધ કર્યો હતો. ઈડીએ કહ્યું હતું કે, રાજકારણી સામાન્ય નાગરિકની સરખામણીમાં કોઈ વિશેષાધિકારનો દાવો કરી શકે નહીં. જો તે ગુનો કરે છે તો અન્ય નાગરિકોની જેમ તેની ધરપકડ કરી શકાય છે અને અટકાયત કરી શકાય છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના ડેપ્યુટી ડાયરેક્ટર દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામામાં કહેવામાં આવ્યું હતું કે રાજકારણી સાથે ખેડૂત અથવા બિઝનેસમેનથી અલગ વર્તન કરવું યોગ્ય નથી. એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે હતું કે, જો ચૂંટણી પ્રચારને વચગાળાના જામીન માટેનો આધાર બનાવવામાં આવે તો તે કલમ ૧૪નું ઉલ્લંઘન ગણાશે. આ આધારે ગુનામાં જેલમાં રહેલા ખેડૂત પણ તેના પાકની કાપણી માટે જામીન માંગી શકે છે અને કંપનીના ડિરેક્ટર કંપનીની વાર્ષિક સામાન્ય સભામાં હાજરી આપવા માટે જામીન માંગી શકે છે.



# જીએસટી વસૂલાત માટે કેન્દ્ર બળજબરી ના કરી શકેઃ સુપ્રીમ

**(એજન્સી) નવીદિલ્હી,**
સુપ્રીમ કોર્ટમાં ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના, એમએમ સુંદરેશ અને બેલા ત્રિવેદીની બેન્ચે કેન્દ્ર સરકારને જીએસટી વસૂલાત માટે ઉદ્યોગપતિઓ સામે સર્ચ અને જપ્તી કામગીરી દરમિયાન ‘ધમકી અને બળજબરી’નો ઉપયોગ ન કરવાનો નિર્દેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે તેઓને સ્વેચ્છાએ બાકી રકમ ચૂકવવા માટે સમજાવવામાં આવે. બેન્ચે નિર્દેશ કર્યો કે જીએસટી કાયદા હેઠળ એવી કોઈ જોગવાઈ નથી કે જે અધિકારીઓને બાકી ચૂકવણી માટે બળ કે ધમકીનો ઉપયોગ કરવાની સત્તા આપે.

ખંડપીઠે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસવી રાજુને કહ્યું કે, જીએસટી કાયદા હેઠળ કોઈ પણ વ્યક્તિને સર્ચ અને જપ્તી દરમિયાન ટેક્સની જવાબદારી ચૂકવવાની ફરજ પાડવાની સત્તા આપવામાં આવી નથી. તમારા વિભાગને કહો કે ચુકવણી સ્વૈચ્છિક રીતે થવી જોઈએ અને કોઈ બળનો ઉપયોગ કરવો જોઈએ નહીં. તમારે કથિત ગુનેગારને વિચારવા, સલાહ લેવા અને તેની જવાબદારી પૂરી કરવા માટે ત્રણ-ચાર દિવસનો સમય આપવો પડશે. સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ, અગાઉ ટ્જી કલેક્શન દરમિયાન બળના ઉપયોગની શક્યતાને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે, સર્ચ અને જપ્તી દરમિયાન મોટાભાગની ચૂકવણી સ્વૈચ્છિક રહી છે. તેમણે જીએસટી એક્ટ પર દિવસભર ચાલેલી સુનાવણીમાં જણાવ્યું હતું કે વસૂલાતની બંને પદ્ધતિઓની શક્યતા છે, પરંતુ મોટાભાગની ચૂકવણી સ્વૈચ્છિક રીતે અથવા વકીલ સાથે ચર્ચા કરીને થોડા દિવસો પછી કરવામાં આવે છે. ભૂતકાળમાં આવા કેટલાક ઉદાહરણો હોઈ શકે છે પરંતુ આ સ્ટાન્ડર્ડ નથી. આના પર બેન્ચે કહ્યું કે ઘણા અરજદારોએ અધિકારીઓ પર સર્ચ અને જપ્તી ઓપરેશન દરમિયાન ધમકીઓ અને બળજબરીનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. અમે જાણીએ છીએ કે જે તે વ્યક્તિની સર્ચ અને જપ્તી દરમિયાન શું થાય છે. તમારે સલાહ લેવા અને વિચાર કરવા માટે થોડો સમય કાઢવો પડશે. તમે તેને ધમકીઓ અને ધરપકડના દબાણ હેઠળ રાખી ન શકો.




# કેદારનાથ ધામના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવ્યા

**ઉત્તરાખંડ,**
ઉત્તરાખંડમાં કેદારનાથ ધામના દરવાજા ખોલવાની સાથે ચાર ધામ યાત્રા શરૂ થઈ ગઈ છે. અક્ષય તૃતીયાના પાવન અવસર પર ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી કેદારનાથ પહોંચી ગયા છે. કેદારનાથ ધામના દરવાજા સવારે ૭.૧૦ વાગ્યે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. આ પછી યમુનોત્રી ધામના દ્વાર સવારે ૧૦.૨૯ કલાકે અને ગંગોત્રી ધામના દ્વાર સવારે ૧૨.૨૫ કલાકે ખોલવામાં આવશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી દર્શન અને નિરીક્ષણ માટે સવારે સાત વાગ્યે કેદારનાથ ધામ પહોંચશે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે આજે અક્ષય તૃતીયાના શુભ અવસર પર કેદારનાથ ધામ, યમુનોત્રી ધામ અને ગંગોત્રી ધામના દરવાજા સંપૂર્ણ વિધિ સાથે દર્શન માટે ખોલવામાં આવશે. ચારધામ યાત્રા માટે તમામ ભક્તોનું હાર્દિક સ્વાગત અને અભિનંદન. કેદારનાથ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લામાં ભગવાન શિવનું પવિત્ર સ્થાન છે. દર વર્ષે લાખો લોકો અહીં દર્શન માટે આવે છે. કેદારનાથની ગણતરી ભગવાન શિવના બાર જ્યોતિર્લિંગ અને પંચ કેદારમાં પણ થાય છે. કેદારનાથ મંદિરમાં સ્થાપિત શિવલિંગ સ્વાવલંબી છે. જેના કારણે મંદિરનું મહત્વ વધી જાય છે. બદ્રીનાથને ચાર ધામોમાંથી એક મુખ્ય ધામ ગણવામાં આવે છે. તે હિમાલયની પર્વતમાળામાં અલકનંદા નદીના કિનારે આવેલું છે. આ મુખ્યત્વે ભગવાન વિષ્ણુનું મંદિર છે. અહીં નર અને નારાયણની પૂજા થાય છે.



H.K.TRAVELS


અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289

લગ્ન ની શોપીંગ તો MAHESHWARI માંથી જ
LIFESTYLE
શેરવાની વર્ક ફક્ત 7,999/- થી શરૂ
ટક્ષીડો શુટ ફક્ત 4,999/- થી શરૂ
કોટી - કૂર્તા સેટ ફક્ત 3,499/- થી શરૂ


3 પેન્ટ + 3 શર્ટ
(કાપડ + સિલાઈ સાથે)
ફક્ત 5,999/- થી શરૂ
ARVIND Raymond
(તમારા બધા જ પ્રસંગ માટે એક જ પેકેજ)
દુલ્હા પેકેજ
(શેરવાની સેટ + ટકશીડો શુટ + કોટી-કૂર્તા સેટ)
ફક્ત 10,999/- થી 39,500/- સુધી
PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614
NARANPURA
2/29, Sundernagar Society, Beside Manish Hall, Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7
BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7

# જળવાયુ પરિવર્તનના ખતરાની ગંભીર-ચિંતાજનક તસવીર

**એક રિપોર્ટ અનુસાર જળવાયુ પરિવર્તન સામે જલ્દી કદમ નહીં ઉઠાવાય તો જંગલો રેગિસ્તાન બની જશે : રાસાયણિક કીટનાશકોનો અંધાધૂંધ ઉપયોગ થાય છે**



ડામાડોળ ઋતુચક્રના પરિણામે કોઈપણ ઋતુમાં ગરમી, ઠંડી અને વરસાદ એમ ત્રણ મિશ્ર પ્રકારની અનુભૂતિ થાય છે. ઉનાળામાં માવઠાની નવાઈ નથી. શિયાળાના માથે પણ માવઠાની માઠી અસર દેખાય છે. શિયાળો લાંબો ખેંચાય છે. અડધુ ચોમાસું પસાર થઈ જાય તે પછી વરસાદની મહેરબાની ઉતરે છે. ઉનાળો પણ મોડો મોડો આવે અને તેની ગરમી છેક અડધા ચોમાસા સુધી અનુભવાય. આ કુદરતી માહોલ કંઈક એવો છે કે માણસની નિંદર ઉડી જાય. દુઃખદ વાત તો એ છે કે કુદરતને છંછેડવાનું પાપ માણસે જ કર્યું છે. માણસે વૃક્ષો કાપી નાંખ્યા. નદીઓ પ્રદૂષિત કરી. સરોવરો તળાવો અને વહેતા ઝરણાંને ખેતર તરફ વાળવાનું દુષ્કમ કર્યું. આપણે શહેરીકરણ લોભ લાલચ અને માયામાં બરાબરના સપડાયા છીએ. છીછીએ તો પણ પાછા ફરી શકીએ તેમ નથી અને લગભગ મોડું થઈ ગયું છે. આ મોડું થાય તેમાંયે કારણરૂપ તો આપણે જ છીએ. માણસે કુદરતને નડવાનું શરૂ કર્યું ત્યારથી કુદરે માણસને કનડવાનું શરૂ કર્યું. નદીમાં પૂર આવે, દરિયામાં સુનામી આવે, ભયંકર વાવાઝોડા અને નદીના ઘોડાપૂરે માણસોના રહેઠાણો વેરવિખેર કરી દીધા, તેના સઘળા સ્વપ્ન રોળી નાંખ્યા, આ એ સ્વપ્ન હતા જેમાં તેણે હિંચકે ઝુલવાનું નિશ્ચત કર્યું હતું પણ ભારેય મેઘ ખાંગા થઈને તૂટી પડયા, વાવાઝોડું આવ્યું તેમાં માણસનું ઘર તો રહ્યું નહીં કિંતુ ફળિયું પણ તૂટીને ઉભડ ખાબડ બની ગયું. આપણે જંગલો કપાતા વન્ય જીવોની પ્રવૃત્તિને રફેદફે કરી નાંખી. જંગલો કપાતા વન્ય જીવો શહેર તરફ વળ્યા. શહેરીકરણના સ્વપ્નાને સાકાર કરવા માણસે વૃક્ષ છેદન કર્યું, જંગલો ખેદાન મેદાન કર્યા પરિણામે પશુ પંખીઓ વસ્તી તરફ દોડયા. જંગલના જળાશયો વેર વિખેર થયા એટલે વન્ય જીવો તરસ છીપાવવા માટે વસ્તી તરફ વળ્યા. ભૂખ ભાગવા માટે વાડાઓમાંથી ઢોર ઉઠાવવા માંડયા. જંગલમાં આવેલી રબારીઓ, ભરવાડોની વસાહતો નહીં રહેતા તેઓ પણ ગામડા તરફ કૂચ કરી ગયા. ઢોરનું મારણ કરીને વાઘ, સિંહ, દીપડાને પેટ ભરવું પડયું.

પરિસ્થિતિ એવી વિકટ બની ગઈ કે ચોમેર ચિંતાજનક તસવીર ઊભી થઈ અહીં જળવાયું પરિવર્તનની ચિંતા શું છે તેની વાત કરીએ. જળવાયું પરિવર્તન વધતા ખતરાને લઈને દુનિયાભરમાં લગાતાર ચિંતા ઊભી થઈ છે. આ સંકટને લઈને મોટા દેશો શિખર સંમેલનો કરે છે. વિભિન્ન પ્રકારની સંધીઓ કરે છે પણ જમીની સ્તર પર આ ઉપાયોનો કશો અર્થ રહેતો નથી. જે તસવીર સામે આવી છે એનાથી સ્પષ્ટ સમજાય છે કે, આ ખતરાથી બચવા માટે આખી દુનિયામાં સામૂહિક અભિયાન ઝડપથી શરૂ કરવાની જરૂરિયાત છે. ટૂંકમાં એમ કહેવાય એવા પ્રયાસોને તત્પરતાથી ગતિ મળવી જોઈએ એમ થાય તો માનવ જાતિનું ભલું થશે. તમામ પ્રકારની ચિંતાઓની વચ્ચે તામિલનાડુના અન્ના વિશ્વવિદ્યાલયના જળવાયુ પરિવર્તન અને આપદા વ્યવસ્થા કેન્દ્રના તાજા રિપોર્ટમાં અનુમાન લગાવાયું છે કે, સમય કદમ નહીં ઉઠાવાય તો વર્ષ ૨૦૫૦ સુધીમાં રાજ્યના અડાબીજ જંગલો શુષ્ક રેગિસ્તાનમાં પલટાઈ જશે.

આ રિપોર્ટમાં વિશેષ જણાવાયું છે કે, વન ક્ષેત્રોમાં આ ચિંતાજનક ભંગાણ ઉચ્ચ તાપમાન, પરિવર્તિત વર્ષા પેટર્ન ચોમાસા પછીની મોસમમાં લાંબા સમય સુધી શુષ્ક રહેવાના કારણો છે. જળવાયુ પરિવર્તનના દુષ્પ્રભાવો ફકત તામિલનાડુના જંગલો સુધી જ જોવા મળશે એવું નથી, જળવાયું પરિવર્તનનો વરસાદના ચક્ર, સમુદ્રીજળ સ્તર, ખેતી, જૈવિક વિવિધતા અને માનવ સ્વાસ્થ્ય પર વિપરીત પ્રભાવ દેખાડવા લાગ્યા છે. મોસમ વૈજ્ઞાનિકોનું માનવું છે કે જળવાયુ પરિવર્તનના પ્રભાવથી મોસમ બદલાવની ચરમ સ્થિતિઓ સામે ઝૂઝવું પડે છે. આવી સ્થિતિઓમાં ગ્લેશિયર ઝડપથી પીગળી શકે છે જેનાથી લોકોને પૂર જેવા ખતરા સામે ઝઝૂમવું પડશે.

વનોને કેન્દ્રમાં રાખીને જોઈએ તો લગાતાર ઉચ્ચ તાપમાન બનાવાથી વૃક્ષોની હયાતિ અર્થાત ઉપયુક્તતા (હેબિટેટ સુટેબિલિટી)માં બદલાવ આવી ગયો છે. એનાથી ગાઢ જંગલોનો ભવિષ્યમાં રેગિસ્તાનમાં બદલાયાનો ખતરો દેખાય છે. આમ જોઈએ તો શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ, વનોન્મુલન અને રાસાયણિક કીટનાશકો તથા જમીનોનો આડેધડ ઉપયોગે જળવાયુ પરિવર્તનના ખતરાને વધાર્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ જળવાયુના દુષ્પ્રભાવોને ડામવા સંયુક્ત પ્રયાસો કરવા પડશે.

**ખાણીપીણીની શોખીનો માટે મોટો ઝટકો**

# ડુંગળી-બટાકા, ટામેટાના ભાવ વધતા મોંઘી થઈ ગઈ વેજ-થાળી

**શાકભાજીના ભાવમાં વધારાને કારણે શાકાહારી થાળીમાં ૮ ટકાનો વધારો**

**નવી દિલ્હી,**
રેટિંગ એજન્સી ક્રિસિલે એક રિપોર્ટ જાહેર કર્યો છે, જે અત્યંત ચોંકાવનારો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ડુંગળી, ટામેટા અને બટાકાની કિંમતના કારણે એપ્રિલમાં ઘરમાં બનેલી શાકાહારી થાળીની કિંમત ૮ ટકા વધીને ૨૭.૪ રૂપિયા થઈ ગઈ છે. જયારે ગયા વર્ષે આ મહિનામાં તેની કિંમત ૨૫.૪ રૂપિયા હતી. રેટિંગ એજન્સી ક્રિસિલના 'રોટી ચાવલ રેટ' રિપોર્ટ અનુસાર, નોનવેજ ચાહકો માટે સારા સમાચાર છે. કારણ કે, સસ્તા બ્રોઈલરને કારણે માંસાહારી થાળીની કિંમતમાં મોટો ઘટાડો થયો છે. આ સમયગાળા દરમિયાન માંસાહારી થાળીની કિંમત ૫૯.૯ રૂપિયાથી ૪ ટકા ઘટીને ૫૬.૩ રૂપિયા થઈ ગઈ છે.

શાકાહારી થાળીમાં રોટલી, ડુંગળી, ટામેટા, બટેટા, ચોખા, દાળ, દહીં અને સલાડનો સમાવેશ થાય છે. માંસાહારી થાળીમાં સમાન ખાદ્ય પદાર્થો હોય છે, પરંતુ દાળની જગ્યાએ ચિકન (બ્રોઈલર) આવે છે. ઘરે બનાવેલી થાળીની સરેરાશ કિંમત ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતમાં ઈનપુટ કિંમતોના આધારે ગણવામાં આવે છે.

ક્રિસિલે જણાવ્યું હતું કે રવી પાકોમાં રેકોર્ડબ્રેક ઘટાડો અને પશ્ચિમ બંગાળમાં બટાકાના પાકને નુકસાન થવાને કારણે ડુંગળીની ઓછી આવકને કારણે ભાવમાં વધારો થયો છે. ચોખા અને કઠોળના ભાવમાં પણ વર્ષ-દર-વર્ષ (Y-O-Y) ૧૪ ટકા અને ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. તો જીરું, મરચાં અને વનસ્પતિ તેલના ભાવમાં અનુક્રમે ૪૦ ટકા, ૩૧ ટકા અને ૧૦ ટકાનો ઘટાડો થયો છે, જેના કારણે શાકાહારી થાળીની કિંમતમાં વધુ વધારો થયો નથી.

રિપોર્ટ કહે છે કે, બ્રોઈલર ચિકનના ભાવમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જે પ્લેટની કુલ કિંમતના ૫૦ ટકા હિસ્સો બ્રોઈલર ચિકનના ભાવમાં ઘટવાને કારણે આવ્યો હતો. તમને જણાવી દઈએ કે, ડુંગળીના ભાવમાં ૪ ટકા અને ઈંધણની કિંમતમાં ૩ ટકાના ઘટાડાને કારણે એપ્રિલમાં શાકાહારી થાળીની કિંમત સ્થિર રહી હતી. ટામેટાં અને બટાકાના ભાવ સતત વધી રહ્યા છે. માંસાહારી થાળીની કિંમતમાં માર્ચની સરખામણીમાં ૩ ટકાનો વધારો થયો છે કારણ કે બ્રોઈલર માંગમાં વધારો અને ઈનપુટ ખર્ચમાં વધારો થયો છે. ક્રિસિલ માર્કેટ ઈન્ટેલિજન્સ એન્ડ એનાલિટિક્સના ડાયરેકટર પુષણ શર્માના જણાવ્યા અનુસાર, શાકભાજીના ભાવ નજીકના ભવિષ્યમાં 'ઉંચા' રહેવાની શકયતા છે.

તેમણે કહ્યું કે નવેમ્બર ૨૦૨૩થી શાકાહારી અને માંસાહારી થાળીના ભાવમાં મોટો તફાવત જોવા મળી રહ્યો છે. શાકાહારી થાળી દર વર્ષે મોંઘી બની રહી છે, જ્યારે માંસાહારી થાળી સસ્તી થઈ રહી છે. તેનું મુખ્ય કારણ બ્રોઈલરના ભાવમાં ઘટાડો છે, જ્યારે ડુંગળી, બટેટા અને ટામેટા જેવા શાકભાજીના ભાવમાં વધારો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે અમને આશા છે કે કઠોળ અને શાકભાજીના ભાવ સ્થિર રહેશે. જોકે, ઘઉં અને કઠોળના ભાવમાં અપેક્ષિત ઘટાડો થોડી રાહત આપશે.

# મહિલાને 'સ્વીટી' કે 'બેબી' કહેવું જાતિય સંકેતો નથી દર્શાવતું: હાઈકોર્ટ

**કેટલાંક વર્ગોમાં આવા સંબોધન પ્રચલીત છેઃ તેને જાતિય લાગણી સાથે સાંકળવાની જરૂર નથી**

**(એજન્સી)કોલકત્તા,**
સમાજમાં કેટલાંક વર્ગોમાં મહીલાઓને 'સ્વીટી' અથવા 'બેબી' કહીને સંબોધન કરવાનું ચલણ હોવાનુંનોધાતા કોલકત્તા હાઈકોર્ટે જણાવ્યું હતું કે આવા શબ્દોહંમેશા સેકસ્યુઅલ ઈરાદાથી બોલાયા હોય તે જરૂરી નથી અને તે કોઈની જાતીય લાગણીઓને દર્શાવતા હોય તેવું માની ના લેવાય.

આ જ ચુકાદામાં કોર્ટે ચેતવણી આપતા જણાવ્યું હતું કે, જો પ્રીવેન્શન ઓફ સેકસ્યુઅલ હેરાસમેન્ટ ઓફ વુમન એટ વર્કપ્લેસ પ્રવીન્શન પ્રોહીબીશન એન્ડ રીડ્રેસનલ એકટ એટલેકે કામકાજના સ્થળોએ મહીલાઓની જાતીય સતામણી રોકતાં કાયદાનો દુરુપયોગ થશે તો તેનાથી મહીલાઓ માટે જ અવરોધો સર્જાશે.

એક મહીલા દ્વારા કરાયેલા જાતીય સતામણીના કેસમાં ન્યાયમૂર્તિ સબ્યસાચી ભટ્ટાચાર્યએ આ ટીપ્પણી કરી હતી. કેસની વિગતો અનુસાર એક મહીલાએ તેના ઉપરી અધિકારીઅ પર આરોપ મુકયો હતો. કે તેઓ તેને સ્વીટી અને બેબી કહેની જજ બોલાવે છે. કોસ્ટગાર્ડ તરીકે કામ કરતી આ મહીલાલના જણાવ્યા અનુસાર ઉપરી અધિકારી અનેક પ્રકારે તેની જાતીય સતામણી કરી છે. જોકે પોતાના બચાવમાં અધિકારીએઅ જણાવ્યું હતું કે, તેમણે કયારેય આવા શબ્દો જાતીય સંકેતો તરીકે નહોતા ઉચ્ચાર્યા. તેમણે જણાવ્યું હતું કે, જયારે ફરીયાદી મહીલાએ તેની સામે વાંધો ઉઠાવ્યો ત્યારથી જ તેમણે આવા શબ્દો બોલવાનું બંધ કરી દીધું હતું. કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે, ફારીયાદીની ઓફીસની આંતરીક ફરીયાદ સમીતીએ આવા શબ્દોના ઉપયોગને અયોગ્ય ગણાવ્યું હતું. પરંતુ સાથે એમ પણ જણાવ્યું હતુંકે, આવા શબ્દોને સેકસ્યુલ સેન્ટીમેન્ટ સાથે એટલે કે જાતીય લાગણીઓ સાથે સાંકળીને જોવાની જરૂર નથી.

# શહેરો કરતાં ગામડાંમાં છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધુ ખરીદી

**(એજન્સી)નવીદિલ્હી,**
ભારતીય બજાર ઝડપથી વધી રહયું છે. શહેરો કરતાં ગામડાઓમાં વધુ ખરીદી જોવા મળી રહી છે. સેન્ટટર ફોર મોનીટરીગ ઈન્ડીયન ઈકોનોમી સીએમઆઈના લેટેસ્ટ ડેટા અનુસાર આ વર્ષે એપ્રીલમાં ગામડાઓમાં ખરીદી ૬૨ મહીનાંમા સૌથી વધુ હતું જયારે શહેરોમાં તે ૭ મહીનામાં સૌથી નીચલા સ્તરે હતું.

રીપોર્ટ અનુસાર ગ્રાહક સેન્ટીમેન્ટ હાલમાં માર્ચ ૨૦૧૯ પછીના સર્વોચ્ચ સ્તરે છે. માર્ચ ૨૦૧૯માં ઈન્ડેક્ષ ૧૦૭.૦૯ પર હતો પરંત કોવિડ-૧૯ મહામારીની શરૂઆત પછી ઘણી વધઘટ જોવા મળી હતી. જે મે ૨૦૨૦માં ૧૦૭.૦૯ પર પહોચી ગઈ હતી. તે ઘટીને ૪૧.૬૭ થયો હતો.૨૦૨૩ સુધીમાં ગ્રાહક સેન્ટીમેન્ટટ સુધારવાનું શરૂ થયું. જે ડીસેમ્બર ૨૦૨૩માં ૧૦૬.૭૪ પર પહોચ્યું હતું. જોકે તે જાન્યુઆરી ૨૦૨૪માં સહેજ ઘટીને ૧૦૪.૪૩ ટકા થઈ ગયું હતું. પરંતુ એપ્રીલ ૨૦૨૪ સુધીમાં તે ૧૧૦.૯ પર પાછું ચઢયું.

એક તાજેતરના નવા રીપોર્ટટના ડેટા દર્શાવે છે. કે ગામડાઓમાં અને શહેરોના ખર્ચ વચ્ચેનું અંતર પણ ઘટયું છે. હવે બંનેના ખર્ચમાં ૭૧%ની તફાવત છે. જયારે ૨૦૧૧-૧૨માં તે લગભગ ૮૪% હતો. તેનો અર્થ એ થયો કે હવે જે સુવિધાઓ પહેલાં માત્ર શહેરોમાં મળતી હતી. તે હવે ગામડાઓમાં પહોચી રહી છે. અને લોકો તેના પર ખર્ચ પણ કરી રહયા છે. નોધનીય છેકે હવે ગામડાંઓ પણ સમૃદ્ધ બની રહયા છે. શહેરી જેવું જીવન પણ જોવા મળી રહયું છે. ગામના લોકો પણ શહેરોના લોકોની જેમ ખર્ચ કરી રહયા છે.

# મહારાષ્ટ્રના મહાનંદ પર આખરે ગુજરાતની મધર ડેરીનો કબજો

**(એજન્સી)મુંબઈ,**
મહારાષ્ટ્ર રાજયય સહકારી દુધ મહાસંઘ, મર્યાદીત મુંબઈ અર્થાત મહાનંદ હવે ઈતિહાસ જમા થઈ ગયું છે. મહાનંદનો કબાજો ગુજરાતમાં મધર ડેરી પાસે આપવામાં આવ્યો છે. મહાનંદના હસ્તાંતરણની પ્રક્રિયા પુર્ણ થઈ છે. આ પ્રક્રિયા ૨ મેના રોજ પુર્ણ થઈ છે. મધર ડેરીને રાજય સરકાર મહાનંદને પુનર્જીવીત કરવા માટે રૂા.૨૫૩ કરોડની આર્થિક સહાય કરશે. મહાનંદ પર મધર ડેરીએ કબજો મેળવ્યો છે. મધર ડેરી રાષ્ટ્રીય દુગ્ધ વિકાસ મહામંડળ દ્વારા ચલાવવામાં આવે છે. મહાનંદની આર્થિક સ્થિતિ ડામાડોળ થયા પછી પુનજીવીત કરવાની પ્રક્રિયા શરૂ કરવા માટે મધર ડેરીને ચલાવવા દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મહાનંદ દૂધ રાજયની સર્વ સહકારી દૂધ સંસ્થાઓની સર્વોચ્ચ સંસ્થા તરીકે ઓળખવામાં આવે છે. આ સંસ્થાના હસ્તાંતરણનો મુદો ચર્ચામાં હતો. રાજયમાં સત્તાધારી અને વિરોધીઓએ આ મુદો પરથી એકબીજા પર આરોપ મુકયો હતો. રાષ્ટ્રીય વતી પુનજીવીત કરવા માટે રૂ.૨૫૩.૩૭ કરોડનો પ્રસ્તાવ રજુ કરવામાં આવ્યો હતો. તે અનુસાર આ પ્રક્રિયા માટે રાજય સરકાર દ્વારા ૨૫૩ કરોડની મદદ કરવામાં આવશે.

મહાનંદ એટલે મહારાષ્ટ્ર રાજય સહકારી દુધ મહાસંઘ, મર્યાદીત મુંબઈ સંસ્થાની સ્થાપના ૯ જુન ૧૯૬૭ના રોજ કરાઈ હતી. રાજયના દુધ સંઘોની શીખર સંસ્થા તરીકે આ દૂધ સંઘની ઓળખ હતી. મહાનંદ ૨૦૦૪ સુધી ફાયદામાં હતી. જોકે તે પછી રાજયમાં દુધ સંઘોએ પોતાને નામે બ્રાન્ડનું દુધ વેચવાનું શરૂ કર્યુ. આ પછી મહાનંદની પડતી શરૂ થઈ હતી. ૨૦૦૪માં પછી આગામી ૧૨ વર્ષમાં એટલે કે ૨૦૧૬ સુધી મહાનંદ શરૂ રહેશે નહી.એવી સ્થિતી નિર્માણ થઈ હતી. મહાનંદ સંસ્થા એનડીડીબી એટલે કે, રાષ્ટ્રીય દુગ્ધવિકાસ મંડળ દ્વારા હસ્તાંતરીત કરવામાં મુખ્ય અવરોધ મહાનંદનું સંચાલક મંડળ હતું. ગુજરાતમાં આણંદ જીલ્લામાં રાષ્ટ્રીય દુગ્ધવિકાસ મંડળે મહાનંદ માટે સંચાલક મંડળ નહી જોઈએ એવી શરત રાખી હતી. તે અનુસાર ફેબ્રુઆરીમાં મહાનંદના ચેરમેન રાજેશ પરજણે સહીત સંચાલક મંડળે રાજીનામાં આપી દીધાં હતાં.

# ઈ-સિગરેટ પર પ્રતિબંધ છે, તો ઓનલાઈન કેવી રીતે મળે છે?

**(એજન્સી)નવીદિલ્હી,**
યુજીસીએ પત્ર લખીને તમામ યુનિવસીટીઓ અને કોલેજો સમક્ષ એક મોટો પ્રશ્ન ઉઠાવ્યો છે કે પ્રતીબંધ હોવા છતાં વિધાર્થીઓને ઈ-સીગારેટ અને આવી અન્ય પ્રોડકટસ સરળતાથી કેવી રીતે ઉપલબ્ધ છે ? યુજીસીએ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને સ્પેશીયલ ડ્રાઈવ ચલાવીને ઓચિતી તપાસ કરવા પણ કહયું છે કે અને વિધાર્થીની માટે જાગૃતિ અભિયાન ચલાવવાનો પણ નિર્દેશ આપ્યયો છે. યુજીસીએ કહયું છે કે વિધાર્થીઓને ઈ-સીગારેટના જોખમો વિશે જાણ કરવી જોઈએ અને એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કેમ્પસમાં તેના ઉપયોગની મંજુરી ન હોય દેશની તમામ કોલેજોના કુલપતીઓ અને પ્રિન્સીપાલોને પણ લખીને જરૂરી માર્ગદર્શીકા જારી કરી છેત દેશમાં ઈ-સીગારેટ પર પ્રતીબંધ ૨૦૧૯થી અમલમાં છે. અને તે સમયયે આ કાયદો લાવવામાં આવ્યો

હતો. આ જ અધિનીયમને ટાંકીને યુજીવીસીએલ કહયું કે છે કેન્દ્ર સરકારે ઈ-સીગારેટ અને તેના જેવા ઉત્પાદનોના વેચાણ સંગ્રહ અને જાહેરાત પર પ્રતીબંધ મુકયો છે. પરંતુ તે તેના ધ્યાનમાં આવ્યું છે. કે તે ઓનલાઈન સ્ટોર્સ અને સ્થાનીક વિક્રેતાઓ દ્વારા ઉપલબ્ધ છે.

# છેલ્લાં ૫ વર્ષમાં સ્વચ્છતા, રેલવે યાત્રામાં મોટા ફેરફાર દેખાયા

**(એજન્સી)રોહતક,**
ભારતીય સમાજમાં છેલ્લા પાંચ વર્ષોમાં અનેક મોટા ફેરફાર જોવા મળ્યા છે. રોહતક સહીત અન્ય જુદા જુદા જુદા આઈઆઈએમના પ્રોફેસરો દ્વારા કરવામાં આવેલા અભ્યાસના તારણ હવે આવી ગયાય છે. અભ્યાસના તારણમાં દાવો કરવામાં આવ્યો છે. કે છેલ્લા પાંચ વર્ષના ગાળામાં સરકાર પ્રત્યે વિશ્વાસ લોકોનો વધ્યો છે. મુળભુત માળખામાં ઉલ્લેખનીય છેકે સુધારો થયો છે. યુવાનો વધારો આશાવાદી બન્યા છે. કૃષિ આવકમાં વધારો થયો છે. આરોગ્ય અને સ્વચ્છતાને પ્રાથમીકતા આપવામાં આવી રહી છે. લોકો ડીજીટલ સાથે વધુને વધુ જોડાઈ રહયા છે. શ્રમ બજારોમાં પણ સુધારો થયો છે.જાહેર સેવાઓને લઈને લોકો સંતુષ્ટ દેખાઈ રહયા છે. અભ્યાસમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે. કે રેલવે યાત્રા ગુણવત્તામાં ઉલ્લેખનીયય છેકે સુધારો થયો છે. કે રેલવેમાં સુવિધા વધી છે. સર્વેમાં સામેલ કરવામાં આવેલા લોકોને છેલ્લા પાંચ વષોમાં સ્વચ્છતા રોડ રસ્તાઓ તેમજ ડીજીટલ નેટવર્કને લગતા સવાલ કરવામાં આવ્યા હતા.

**આપની આજ**
**શનિવાર**
**તા.૧૧-૫-૨૦૨૪**



**મેષઃ-** આપને આજે કોર્ટ કચેરીમાં દસ્તાવેજી કામકાજમાં સાવધાની રાખવી કોઈના જામીન બનશો નહી.
**વૃષભઃ-** આજરોજ આપને લખાણના કામકાજમાં સાવાની રાખવી જરૂરી છે સહકર્મચારીઓ પાછળ નાણાંનો વ્યય થાય.
**મીથુનઃ-** આપના પરિવારના સભ્યોની માંગણીઓ પુરી કરવા માટે તેઓની સાથે તમારે જવું પડશે. આજનો દિવસ સારો પસાર થાય.
**કર્કઃ-** યુવા વર્ગ તરફથી આપને ઘણો મોટો લાભ થવાનો છે. બેંકના ખાતામાં મૂડીમાં વધારો થશે.
**સિંહઃ-** આપના મિત્રો તેમજ ભાઈ ભાંડુઓના કારણે આપને નાણાકીય મુશ્કેલીઓ ઉભી થવાના યોગ છે.
**કન્યાઃ-** આપનું આરોગ્ય ઘણુંજ સારૂ રહેશે આપની શારીરિક તકલીફોનો અંત આવશે.
**તુલાઃ-** અનાથ આશ્રમ ઘરડાઘર તેમજ તેના જેવી સંસ્થા તરફથી તેમજ ધાર્મીક સંસ્થાઓ તરફથી આપને લાભ થવાનો છે.
**વૃશ્ચિકઃ-** આજનો દિવસ ખૂબજ સારો છે આપના દરેક ક્ષેત્રના કામકાજ સરળતાથી પૂર્ણ થવાના છે. દરેક પ્રકારના લાભ થાય.
**ધન :** આપના મોસાળ પક્ષ તરફથી લાભ મળવાનો છે નાના બાળકો માટે આપને ખર્ચ કરવાનો આવશે. દિવસ મધ્યમ છે.
**મકરઃ-** આપના ધંધા અને વ્યવસાયમાં પ્રગતી થતી જોવા મળશે દૈનીક આવકમાં વધારો થવાનો છે.
**કુંભઃ-** આપને વિલવારસાઈના કામકાજમાં સફળતા મળવાની છે. જુના પડતર કામો પણ સરળતાથી પૂર્ણ થવાના છે.
**મીનઃ-** આપના દામ્પત્ય જીવનમાં પ્રસન્ના વધશે આપના શ્વસુર પક્ષ તરફથી નાણાંની સહાય મળશે.

**નામમાં શું રાખ્યું છે ?**

# ડાંગ જિલ્લામાં કેટલાય પુરુષોનું નામ સોનીયા છે

**આદિવાસીઓમાં સોનીયાનો અર્થ સે સોના જેવો**

**(એજન્સી)અમદાવાદ,**
કોંગ્રેસના વરીષ્ઠ નેતા સોનીયા ગાંધી ફરી સભાઓમાં આવી ગયા છે. તેમણે તેમના પુત્ર રાહુલ ગાંધી માટે પાર્ટીનો પરંપરાગત ગડ રાયબરેલી ખાલી કરી દીધો છે. આ રાજકીય દાવપેચ વચ્ચે ગુજરાતના દક્ષીણ ગુજરાતના આદીવાસી સમુદાયોમાં એક વિચીત્ર વિસંગતતા તરફ ધ્યાન દોર્યું છે. પુરુષોમાં સોનીયા નામનો વ્યાપ.

આ નામ સીક અને સોફીયા પરથી ઉતરી આવ્યું હોવાનું માનવામાં આવે છે.જેનો અર્થ પરંપરાગત કેટલાક સંબંધઓને છે. જોકે આ નામ આદિવાસીઓમાં એક અનોખી પુરુષવાલી ઓળખ ધરાવે છે. જયાં પુરુષોને લગભગ આઠ દાયકાઓથી સોનીયાભાઈ તરીકે ઓળખાયા છે.

તેઓ દાવો કરે છે. કે તેમના માતાપિતા તેમને નામ આપ્યું છે તે કોઈ ચોકકસ તર્કને બદલે સરળતા અને તેના વિશીષ અવાજને આભારી છે. ડાંગના આહવાના દિવાન ટેમકસ્ત ગામની રહેવાસી સોનીયા ચૌધરી માટે તેમના નામનું મહત્વ રહસ્યય ઘેરાયયેલું છે. ડાંગમાં આ નામના ઘણા છે. મારી ઉમરના લોકોમાં તે એક લોકપ્રિયયતાનો ચૌધરી કહે છે. તેવી જ રીતે તાપી જીલ્લામાં ઉર્પદ્રવ વિસ્તારમાં ભાડભુજા નામની ૩૬ વય સોનીયા ગાંધીના તેમના નામના અર્ક વિશે અજ્ઞાન વ્યકત કરે છે. પહેલા આ નામની ઘણા પુરુષો હતા જો કે આ વલણ ઘટી રહયું છે.

સત્યકામ જોષી સામાજીક વૈજ્ઞાનીક અને સેન્ટરફોર સોશીયયલ સ્ટડીઝના ભૂતપૂર્વ નિયામક કુદરતી વાતાવરણમાંથી પ્રેરણા હોવાથી વૃત્તિને ટાંકીને આદિજાતી નામકરણ સમેલોનો પાછળના સાંસ્કૃતિક આધારને ઉઘાડી પાડે છે. ઉદાહરણ તરીકે પુજી એક સામાન્ય નામ છે. તે કદાચ રૂપુ ઘરથી આવે છે. જેનો અને કેટલાક આદિવાસી ભાષાઓમાં ચાંદી થાય છે. એજ રીતે સોનીયા સોનું પરથી ઉતરી આવી હોવી જોઈએ. જેનો અર્થ થાય છે. સોનું પરંતુ આ નામો હવે ફેશનમાંથી બહાર થઈ ગયા છે. આદિવાસીઓ શહેરી વિસ્તારોમાં વપરાતા લોકપ્રીય નામો પ્રત્યે વળ્યા છે.

# ૯૪ ટકા સર્વિસ પ્રોફેશનલો માટે સમયની બચત એઆઈને આભારી

## સર્વિસ રીપોર્ટમાં રસપ્રદ તારણો બહાર આવ્યાં

**(એજન્સી)મુંબઈ,**
ભારતમાં એઆઈનો ઉપયોગ કરતા ૯૪ ટકા સર્વીસ પ્રોફેશનલ માને છે કે તે તેમનો સમય બચાવે છે. સેલ્સફોર્સ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા અહેવાલમાં ભારતના ૩૦૦ સહીત ૩૦ દેશોમાં ૫,૫૦૦ સેવા વ્યવસાયીકોને આવરી લેવામાં આવ્યા છે. અહેવાલમાં ગ્રાહક સેવાને નિર્ધારીત કરતી પ્રાથમીકતાઓ પડકારો અને વ્યુહરચનાઓઅની રૂપરેખા આપવામાં આવી છે. તે એ પણ અન્વેષણ કરે છે. કે ગ્રાહકની વધતી અપેક્ષા વચ્ચે આવક કાર્યક્ષમતા અને ગ્રાહક સંતોષ વધારવા માટે સેવા ટીમો કેવી રીતે એઆઈ અને ડેટાનો ઉપયોગ કરી રહી છે. અરૂણ કુમાર પરમેશ્વર સેલ્સ, સેલ્સફોર્સના મેનેજીગ ડીરેકટર જણાવ્યું હતું કે વધતી ગ્રાહક અપેક્ષાઓ વચ્ચે એઆઈની ના ફાયદા- વધુ ઉત્પાદકતા ઓછી કિમત અઅને બહેતર ગ્રાહક અનુભવ સ્પષ્ટ છે. મુખ્ય તારણો અનુસાર સંસ્થાઓ કાર્યયક્ષમતા વાપરવા માટે એઆઈનો ઉપયોગ કરે છે. એઆઈ ગુણવત્તા સાથે સમાધાન કર્યા વિના સેવાને બહેતર બનાવવાનું વલણ ધરાવે છે. ભારતમાં ૭૩ ટકા સેવા સંસ્થાઓ દ્વારા એઆઈનો ઉપયયોગ અથવા મુલ્યાંકન કરવામાં આવે છે.

આ વર્ષે ભારતમાં ૯૩ ટકા સેવા સંસ્થાઓ એઆઈમાં રોકાણ વધારવા માંગે છે. ભારતમાં એઆઈનો ઉપયયોગ સૌથી વધુ ૩ કાર્યો માટે કરવામાં આવે છે. સ્વયંસંચાલીત સારાંશ અને અહેવાલો બુદ્ધિશાળળી ઓફર અને સલાહ અને માહિતીપ્રદ લેખોનું નિર્માણ ભારતમાં એઆઈનો ઉપયોગ કરતા ૯૪ ટકા સર્વીસ પ્રોફેશનલ માને છે. કે તે તેમનો સમય બચાવે છે. સેવા સંસ્થાઓ આવક પર ધ્યાન કેન્દ્રીયત કરે છે.

# સેનિટરી પેડના નિકાલ માટે વધારાનો ચાર્જ વસૂલાતા સુપ્રીમ કોર્ટે નારાજગી દર્શાવી

**કેરળના કોચીમાં વસૂલાતાં ચાર્જ અંગે સર્વોચ્ચ અદાલતે સરકાર પાસે જવાબ માગ્યો**

**ચનવી દિલ્હી,**
સુપ્રીમ કોર્ટે સેનિટરી પેડના કચરાના નિકાલને લગતી એક પીઆઈએલની સુનાવણી દરમિયાન કેરળ સરકારને આડા હાથે લીધી હતી. તેણે વેધક સવાલ કરતા અફસોસ વ્યક્ત કર્યો હતો કે એક તરફ સ્વચ્છતા અભિયાન અંતર્ગત આપણે માસિક સમયે સ્વચ્છતા જાળવાય તે માટે સેનેટરી નેપકીન મફતમાં આપીએ છીએ, તો બીજી તરફ સરકાર તેના કચરાના નિકાલ માટે પૈસા વસૂલી રહી છે. કોર્ટે આ મામલે સરકાર પાસેથી જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે ઈન્દુ વર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલની સુનાવણી કરી રહી હતી. જસ્ટિસ સૂર્યકાંત અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે એક તરફ, આપણે શાળાઓ અને અન્ય સંસ્થાઓમાં મફતમાં સેનિટરી નેપકિન આપીને માસિક ધર્મની સ્વચ્છતા સુનિશ્ચિત કરવા માટે નિર્દેશો જારી કરીએ છીએ, તો બીજી તરફ, રાજ્ય સેનિટરી કચરાના નિકાલ માટે પૈસા વસૂલી રહી છે. આ કેવી રીતે શક્ય બની શકે? તમે આનો જવાબ આપો.

ઈન્દુ વર્માએ કોર્ટમાં કાર્યવાહી દરમિયાન દલીલ કરી હતી કે જ્યારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમોમાં આવી કોઈ જોગવાઈ નથી ત્યારે રાજ્ય સેનિટરી વેસ્ટના નિકાલ માટે લોકો પાસેથી વધારાનો ચાર્જ કેવી રીતે વસૂલી શકે? ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેકશન માટે સરકાર દ્વારા રાખવામાં આવેલી એજન્સીઓ લોકો પાસેથી સેનિટરી નેપકિન્સ, બેબી અને એડલ્ટ ડાયપર માટે વધારાનો ચાર્જ લઈ રહી છે. વર્માએ કોર્ટને વિનંતી કરી હતી કે આવા ચાર્જ માટે નિયમો હોવા જોઈએ. સુનાવણી દરમિયાન, અરજદારે ખાસ કરીને કેરળના કોચી શહેરનો ઉલ્લેખ કર્યો હતો, જ્યાં આ પ્રકારે ચાર્જ વસૂલવામાં આવી રહ્યો છે. જવાબમાં, બેન્ચ વર્માની દલીલ સાથે સંમત થઈ હતી અને સેનિટરી વેસ્ટના નિકાલ માટે વસૂલવામાં આવતી વધારાના ચાર્જ અંગે ચિંતા વ્યકત કરી હતી. કોર્ટે રાજ્ય સરકારને પૂછ્યું હતું કે, તમારે સેનિટરી વેસ્ટ માટે વધારાનો ચાર્જ કેમ વસૂલવો જોઈએ? આ માસિક સ્રાવની સ્વચ્છતાને લગતી અમારી સૂચનાઓના ઉદ્દેશ્યોથી સંપૂર્ણપણે વિરુદ્ધ છે. તમે આને કેવી રીતે ન્યાયી ઠેરવી શકો?''

# રૂ.૩૬ લાખનું ઈનામ ધરાવતા ૬ નકસલવાદીઓનું આત્મસમર્પણ

**(એજન્સી)સુકમા,**
છત્તીસગઢમાં પોલીસ અને સીઆરપીએફના અભિયાનની અસર જોવા મળી રહી છે. અનેક નકસલીઓ હથીયાર છોડીને આત્મસમર્પણ કરી રહયાં છે. સુકમાના પોલીસ અધિકારીએ જણાવ્યું કે, દુધી પોજજજા અને તેની પત્ની દુધી પોજજે આયયતે કોરસા ઉર્ફે જયકકા કાવાસીમુડા કરમ નરન્ના ઉર્ફે ભુમા અને મડકામ સુકકા રૈનુએ આત્મસમર્પણ કર્યું છે. પોજજા પર રૂપિયા ૮ લાખનું ઈનામ રાખવામાં આવ્યું હતું અને તે માઓવાદી પીપલ્સ લીબરેશન ગોરીલ્લા આર્મી બટાલીયન નંબર ૧ અને પીપલ્સ પાર્ટી કમીટીનો સભ્ય હતો. આ સાથે જ તેની પત્નીના પોજજે પર પણ રૂપિયા ૮ લાખનું ઈનામ રાખવામાં આવ્યું હતું. જયારે જયયકકાના માથા પર રૂ.૫ લાખનું ઈનામ રાખવામાં આવ્યું હતું. તે કિસ્સામાં એરીયા કમીટી કમાન્ડર હોવાથી સાથે એરીયા કમીટી મેમ્બર હતો.

# મંત્રાલયમાં દરોડા, જુની ૫૦૦ની ચલણી નોટ મળી આવી

**(એજન્સી)રાંચી**
ઝારખંડમાં ટેન્ડર કમીશન કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડીરેકટરોટ ઈડીએ બુધવારે ગ્રામીણ વિકાસ મંત્રાલયમાં દરોડા પાડયા હતા. આ કેસમાં ધરપકડ કરાયેલા સંજીવ લાલને સાથે રાખી ઈડીની ટીમ મંત્રાલયયને પહોચી હતી. સંજીવ ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના મંત્રી આલમગીર આલમના સચીવ છે. અહી સર્ચ દરમ્યાયન ઈડીને સંજીવના ડ્રાઈવર પાસેથી ૧.૭૫ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. તેમના ડ્રાઈવર પાસેથી ૫૦૦-૫૦૦ રૂપિયાની ૨૮ હજાર જુની ચલણી નોટો પણ મળી આવી છે.

# બેંકોના કર્મચારીઓને મળતો વગર વ્યાજની કે ઓછા વ્યાજની લોનનો લાભ કરપાત્રઃ એસસી

**બેન્ચમાર્ક તરીકે એસબીઆઈના વ્યાજદરનું નિર્ધારણ મનસ્વી કે સત્તાનો અસમાન ઉપયોગ નહી**

**(એજન્સી)નવીદિલ્હી,**
સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે. કે બેક કર્મચારીઓને મળતી વગર વ્યાજની કે ઓછા વ્યયાજની લોન એક પ્રકારનો લાભ છે. જેથી તે લાભ આવકવેરા કાયદા હેઠળ કરપાત્ર ગણાય સુપ્રીમ કોર્ટના જસ્ટીસ સંજીવ ખન્ના અને જસ્ટીસ દીપાંશકર દત્તાની બેન્ચે એમ પણ નોધ્યું છે. કે બેન્ચમાર્ક તરીકે એસબીઆઈના વ્યાજદરનું નિર્ધારણ મનસ્વી સત્તાનો અસમાન ઉપયોગ નથી. વાણીજીયીક અને કરવેરા કાયદાઓ અત્યંત સંવેદનશીલ અને જટીલ હોય છે. આ કોર્ટ સંબંધીત કાયદામાં દખલ કરવાનું પસંદ કરશે નહી. જે દુરુપયોગને શકયતાઓને અટકાવે છે. અને નિશ્ચિતતાને પ્રોત્સાહન આપે છે. બેન્ચે એસબીઆઈના પ્રાઈમ લેન્ડીગ રેટને બેન્ચમાર્ક તરીકે ચાર્જ કરવાની મંજુરી આપતા જણાવ્યું હતું કે જોગવાઈઓ કરદાતાઓ માટે અયોગ્યય કે કઠોર નથી. ન્યાયીક સ્વીકૃતિની યોગ્યતા ધરાવતી નિયંત્રક ફોર્મયુલા દ્વારા જટીલ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટે ઓલ ઈન્ડીયા બેક ઓફીસર્સ ફેડરેશન અને અન્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓમાં ફગાવી દીધી હતી. અરજદારોને જોગવાઈનોને મનસ્વી અને બંધારણની કલમ-૧૪નું ઉલ્લંઘન કરતી ગણાવીને પડકારતા કહયું હતું કે આ જોગવાઈમાં લોન પર બેક દ્વારા કન્ઝયુમર પાસેથી વસુલવામાં આવતા વાસ્તવીક વ્યાજ દરને બદલે એસબીઆઈના મુખ્ય ધિરાણ દરને બેન્ચમાર્ક તરીકે ગણવામાં આવે છે.

**એજન્ટો/ પત્રકારો નિમવાના છે**

વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક માટે

**ઉત્તર ગુજરાતઃ**
સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.
**મધ્ય ગુજરાતઃ**
વડોદરા / આણંદ / ખેડા /દાહોદ/ વગેરે
**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.
**દક્ષિણ ગુજરાતઃ** સુરત / વાપી / બિલીમોરા /નવસારી વગેરે

**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/ પત્રકારો પોતાના બાયોડેટા સાથે લખી અમદાવાદ ઓફિસે મોકલાવે :
**મેનેજર, વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**
૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

# દક્ષિણ ગુજરાત



સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

## સુરતમાં દિકરા સાથે માતાએ પણ ધો.૧૨ની પરીક્ષા પાસ કરી

**સુરત,**
ધો.૧૨ આર્ટ્સ, કોમર્સ અને સાયન્સના રિઝલ્ટ જાહેર થયા છે ત્યારે સુરતમાં એક અનોખી ઘટના બની છે. અહીં માતા-પુત્રએ એક સાથે ધો.૧૨ની પરીક્ષા આપી અને હવે બન્ને આ પરીક્ષામાં પાસ થયા છે. ધો.૧૦ની પરીક્ષા બાદ લગ્ન થઈ જઈ જતા ધો.૧૨ ભણી નહીં શકનાર માતાએ ૨૨ વર્ષે પોતાનું સપનું સાકાર કર્યું છે.

જાહેર થયેલા રિઝલ્ટમાં માતા-પુત્ર બન્ને પાસ થયા છે. માતાએ ૫૫ અને પુત્રએ ૭૨ ટકા સાથે પરીક્ષા પાસ કરી છે. ધો.૧૦એસએસસીની પરીક્ષા બાદ ૨૨ વર્ષે માતાએ ૧૨મું પાસ કરતાં તેનું સપનું સાકાર થયું છે.

સુરતની મૌની સ્કૂલમાં કોમર્સના અભ્યાસ કરતાં દેવ પટેલ અને તેની ૩૫ વર્ષીય માતા દીપિકાબહેને આર્ટસના વિષય સાથે માર્ચ મહિનામાં ધો.૧૨ની પરીક્ષા આપી હતી. દીપિકાબહેને અભ્યાસ છોડયાના ૨૨ વર્ષ પછી પરીક્ષા આપી હતી. એસએસસી બાદ દીપિકાબહેને મોન્ટેસરીનો કોર્સ કર્યુ હતું. છેલ્લા ૨૦ વર્ષથી તેઓ શિક્ષિકા તરીકે ખાનગી સ્કૂલમાં બાળકોને ભણાવતા હતા. પુત્રની ધો.૧૨ની પરીક્ષામાં ફોર્મ ભરવાનો સમય આવ્યો ત્યારે દીપિકાબહેનને પણ ધો.૧૨ની પરીક્ષા આપવાની ઈચ્છા થઈ હતી તેથી તેણીએ આર્ટસ ફેકલ્ટીમાં ફોર્મ ભર્યું હતું.

દીપિકાબહેને ૫૫ ટકા સાથે ધો.૧૨ બોર્ડની પરીક્ષા પાસ કરી છે. તેમના પુત્ર દેવને ૭૨ ટકા મળ્યા છે.

## સુરતમાં વેચાતા આઈસ્ક્રીમ પણ લેબોરેટરીની તપાસમાં નિષ્ફળ

**સુરત,**
સુરતમાં વેચાતા આઈસ્ક્રીમ પણ ખરેખર આઈસ્ક્રીમ નથી, તેમાં વનસ્પતિ ઘીનો ઉપયોગ કરાતો હોવાની આશંકા સાચી ઠરી છે. ગત ૧લી મેના દિવસે શહેરના મોટાભાગના આઈસ્ક્રીમ પાર્લર અને આઈસ્ક્રીમ બનાવીને વેચતા ૧૪ દુકાનદારોને ત્યાંથી લીધેલા સેમ્પલમાંથી ૧૦ દુકાનદારોના સેમ્પલ લેબોરેટરીમાં ગુણવત્તા વગરના નીકળ્યા છે. તમામ સેમ્પલમાં મિલ્ક ફેટ ૧૦ ટકાથી ઓછું નીકળ્યું છે અને ટોટલ સોલિડની માત્રા પણ ઓછી નીકળી છે. આ દર્શાવે છે કે આઈસ્ક્રીમમાં દૂધ માત્ર નામ પૂરતું જ ઉપયોગ થાય છે. વનસ્પતિ ઘીનો ઉપયોગ થઈ રહ્યો છે.

સુરતમાં ઘી, પનીર, બરફની ડીસમાં ભેળસેળનો ખુલાસો થયો બાદ હવે આઈસ્ક્રીમનો વારો છે.

ગરમીના લીધે લોકો ખૂબ જ વધુ પ્રમાણમાં ઠંડા પીણાં, બરફ અને આઈસ્ક્રીમ આરોગી રહ્યા છે ત્યારે દુકાનોમાં વેચાતા આઈસ્ક્રીમ આરોગ્યપ્રદ એટલે કે ખાવાલાયક છે કે નહીં તેની તપાસ સુરત પાલિકાના ફૂડ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. જેમાં ૧૪માંથી ૧૦ દુકાનોમાં વેચાતું આઈસ્ક્રીમ ખાવાલાયક નહીં હોવાનો ઘટસ્ફોટ થયો છે. પાલિકાના આરોગ્ય ખાતા અને ફૂડ વિભાગે બિનઆરોગ્યપ્રદ આઈસ્ક્રીમ વેચનારા દુકાનદારો સામે કાર્યવાહી કરી છે.

સુરત મનપાના આરોગ્ય ખાતા અને ફૂડ વિભાગ દ્વારા ગઈ તા.૧લી મેના રોજ શહેરના આઈસ્ક્રીમ પાર્લરો પર દરોડા કાર્યવાહી કરી હતી. આ દુકાનોમાંથી ૧૦ સેમ્પલ લઈ તપાસ માટે તે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

### અખાત્રીજના પાવન પર્વએ

## ભરૂચ જિલ્લાના ધરતીપુત્રોએ ધરતી માતાનું પૂજન અર્ચન કર્યું



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચ જીલ્લાના નેત્રંગ તાલુકાના કબીર ગામના ધરતીપુત્રોએ અખાત્રીજના પાવન દિવસે ધરતી માની પૂજા અર્ચના કરી સારી ઉપજ માટે પ્રાર્થના કરી ખેતીની શરૂઆત કરી હતી.

આજનો દિવસ હિન્દુ પંચાગ મુજબ ખુબજ મહત્વનો દિવસ માનવામાં આવે છે. અને અખાત્રીજનો શુભ દિવસ છે.આજના દિવસના મહત્વની વાત કરવામાં આવે તો આજના દિવસની દરેક પળ અને ચોઘડિયા શુભ માનવામાં આવે છે.ખેડૂત આજના શુભ દિવસની ઉજવણી કરી ભારે ઉત્સાહપૂર્વક પૂજા કરતા હોય છે. વર્ષો જૂની પરંપરા પ્રમાણે આજના દિવસે ખેતીની શરૂઆત કરવામાં આવતી હતી.જે પરંપરાને આજે પણ ખેડૂતોએ જાળવી રાખી છે.

નેત્રંગ તાલુકાના કબીરગામે ખેડૂતોએ અખાત્રીજના દિવસે પોતાના ખેત ઓજારોનું પૂજન કરવા સાથે ખેતીવાડીમાં સારી ઉપજ આવે તે માટે અન્નની પૂજા અને ભૂમિપૂજન કર્યું હતું.જેમાં ખેડૂતો તેમના પરિવાર સાથે ખેતરોમાં જઈને વિધિવત રીતે ધરતી માતાનું પૂજન અર્ચન કરી તેઓ દ્વારા કરવામાં આવતી ખેતીમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન આવે અને સારો પાક મળી રહે તે માટે વિશેષ પ્રાર્થનાઓ કરી હતી.

### વિકાસ પરવાનગી મેળવવામાં બેદરકારી

## ખોટા ડેટા અપલોડ કરનારા ૪ આર્કિટેક્ટને નોટિસ ફટકારાઈ

**સુરત,**
ઓનલાઈનટ ડેવલપમેન્ટ પરમિશન સિસ્ટમ (ઓડીપીએસ) અંતર્ગત ટેકનિકલ અને માલિકી સંબંધી, ઈરાદાપૂર્વક કે બેદરકારીથી ખોટી માહિતી સિસ્ટમ અપલોડ કરનારા ચાર આર્કિટેક્ટોને પાલિકાના મધ્યસ્થ શહેર વિકાસ વિભાગે શો-કોઝ નોટિસ ફટકારી છે. સિસ્ટમમાં અપલોડ કરાતાં પોનના ડેટાની ખરાઈ કરવાની સંપૂર્ણ જવાબદારી આર્કિટેકટની જ રહે છે. કોઈ પણ માપ કે ક્ષેત્રફળના આધારે જીડીસીઆરની જોગવાઈ મુજબ સિસ્ટમ ઓનલાઈન પ્લાનને મંજૂરી આપે છે. આ સિસ્ટમમાં અપલોડ કરેલા ડેટાની ખરાઈ તથા અન્ય નિયમોને આધિન મેન્યુઅલી સ્ક્રુટીની દરમિયાન ઓનલાઈન મંજૂરી થયેલી ફાઈલો નામંજૂર પણ થાય છે.

તાજેતરમાં જ ઓનલાઈન મંજૂર વિકાસ પરવાનગીની અરજીમાં વિભાગ દ્વારા મેન્યુઅલી પ્લાનની ચકાસણી દરમિયાન ૪ ફાઈલોમાં સીઓપીમાં માપ, માલિકીના ખોટા નામ વગેરેમાં ઓનલાઈન અને ઓફલાઈન (મેન્યુઅલી) ડેટા ચકાસણી વખતે વિસંગતતા મળી હતી. ખોટી માહિતીને કારણે વિકાસ પરવાનગી ફાઈલોના નિકાલમાં વિલંબ થાય છે.

## લીંબાયતમાંથી મોબાઈલ અને લેપટોપની ચોરી કરનાર ચોર ઝડપાયો

**સુરત,**
સુરતના લીંબાયતમાંથી મોબાઈલ અને લેપટોપની ચોરી કરનાર સ્પાઈડર ચોર આખરે ક્રાઈમ બ્રાન્ચના સંકજામાં આવ્યો છે. ક્રાઈમ બ્રાન્ચે આરોપી ધરપકડ કરી હતી. મળતી માહિતી મુજબ ચોરી કરનાર આ યુવકનું નામ કિશન દુબેની છે.

જે રાત્રીના સમયે મોટી મોટી ઓફિસો અને દુકાનોના પાછળના ભાગેથી ચઢી મોબાઈલ અને લેપટોપ જેવી ઈલેક્ટ્રિક કિમતી વસ્તુઓની ચોરી કરતો હતો. આરોપી પોતાના વતનથી રોજગારી માટે આવ્યો હતો પણ સુરત રોજગારી ન મળતા આરોપી ચોરીના રવાડે ચડ્યો. આ દરમિયાન તે રાત્રીના સમયે ઓફિસ અને દુકાનોને ટાર્ગેટ કરતો હતો અને દુકાનો અને પર ચઢી ચોરીને અંજામ આપતો હતો. તપાસમાં કબુલ્યું હતુ કે તે સુરતનો મોટાભાગની ઓફિસોના પાછળની સેકશન બારીથી ઓફિસની અંદર પ્રવેશ કરતો હતો. ત્યારે સીસીટીવી સામે આવ્યા હતા. જે બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે સીસીટીવીના આધારે આરોપીની ધરપકડ કરી હતી. ત્યારે કેટલાય સમયથી પોલીસ મોબાઈલ અને લેપટોપની ચોરી કરનાર આ આરોપીની શોધ કરી રહી હતી. ત્યારે આજે તેને પકડવામાં ક્રાઈમ બ્રાન્ચને સફળતા મળી હતી.

મળતી માહિતી મુજબ આરોપી પાસેથી મોબાઈલ, લેપટોપ મળીને રૂ.૧.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ સાથે પોલીસે હવે વઘુ વધુ તપાસ હાથ ધરી છે.

## પાંડેસરામાં દોડતી સીટી બસનો ડ્રાઈવર પીધેલી હાલતમાં લોકોએ ઝડપ્યો

સુરત, સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં દોડતી સિટી બસ ફરી એકવાર વિવાદમાં આવી છે. આજે પાંડેસરા વિસ્તારમાં એક બસના ડ્રાઈવરે મોપેડ ચાલકને ટક્કર મારતા લોકોએ ડ્રાઈવરને પકડ્યો હતો. બસનો ડ્રાઈવર દારૂના નશામાં ધુત હોવાનો આક્ષેપ કરીને લોકોએ પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. સુરત મહાનગરપાલિકા સંચાલિત સિટી લિંકના બસ સેવા સતત વિવાદમાં આવી રહી છે. આ પહેલા કંડકટર દ્વારા ટિકિટ ન આપવામાં આવતી હોવાનો વિવાદ ચાલતો હતો. ત્યારબાદ ડ્રાઈવરોની અને હડતાલ તથા અકસ્માતના કારણે સિટી બસ વિવાદમાં આવતી હતી. જોકે આજે પાલિકાના બસ ડ્રાઈવર પીધેલી હાલતમાં હોવાના આક્ષેપ સાથે લોકોએ હોબાળો મચાવ્યો હતો. સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં પત્રકાર કોલોની સર્કલ પાસે બસના ડ્રાઈવરે એક મોપેડ ચાલકને ટક્કર મારી હતી. આ અકસ્માત બાદ લોકો ભેગા થઈ ગયા હતા અને ડ્રાઈવરને નીચે ઉતાર્યો હતો.

## દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપના કન્વીનરના પિતાનું આકસ્મિક નિધન

**(પ્રતિનિધિ) દમણ,**
દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના મીડિયા કન્વીનર અને ઓલઈન્ડિયા મેમણ ફેડરેશનના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી મજીદભાઈ લધાણીના પિતાશ્રી કાદર આદમ લધાણીનું ગઈકાલે તેમના વતન જામનગર જિલ્લાના ધ્રોલ ખાતે નિધન થયું હતું.મીડિયા કન્વીનર શ્રી મજીદભાઈ લધાણી પોતાના પરિવાર સાથે મત આપી પક્ષના મહત્વના કામો પૂર્ણ કરી પોતાના વતન જવા માટે રવાના થયા હતા.સ્વ. હાજી આદમ યાકુબ લધાણી છેલ્લા ૪૦ વર્ષથી ધ્રોલ મેમણ જમાતના પ્રમુખ પદે કોઈપણ પ્રકારના વાદ-વિવાદ વગર સર્વાનુમતે બિરાજમાન હતા.



તેમના અકાળે અવસાનથી ધ્રોલ મેમણ સમાજ અને મુસ્લિમ સમુદાયને નહીં પુરી શકાય તેવી ખોટ પડી છે.સ્વ. હાજી આદમ લધાણી સરકારી સ્કૂલના નિવૃત્ત આચાર્ય હતા અને તેમના પ્રેમાળ તથા મળતાવડા સ્વભાવના કારણે ધ્રોલ જમાતના હજારો મેમણોમાં અપાર લોકપ્રિયતા ધરાવતા હતા. જેના કારણે જ તેમને સમાજે સ્વૈચ્છિક રીતે આજીવન પ્રમુખ ઘોષિત કર્યા હતા.




# મસાલા

## નોરા ફતેહીના નિવેદન પર રિચા ચઢ્ઢા આશ્ચર્યચકિત

આ દિવસોમાં, રિચા ચઢ્ઢા સીરિઝ 'હીરામંડી'માં તેના કામ માટે ઘણી પ્રશંસા મેળવી રહી છે. આ શોમાં તેણે પ્રેમમાં ખોવાયેલી લજ્જો નામની ગણિકાની ભૂમિકા ભજવી છે. રિચાના અભિનયને દર્શકો ખૂબ પસંદ કરી રહ્યા છે. તેના ઘણા વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. આ દરમિયાન એક ઈન્ટરવ્યુ દરમિયાન રિચા ચઢ્ઢાને નારીવાદ વિશે પૂછવામાં આવ્યું હતું.થોડા સમય પહેલા ડાન્સર અને એક્ટ્રેસ નોરા ફતેહીએ ફેમિનિઝમ પર પોતાનો વિચાર વ્યક્ત કર્યો હતો. નોરા ફતેહીએ યુટ્યુબર રણવીર અલ્હાબાદિયા સાથે નારીવાદ વિશે વાત કરી. તેમણે મહિલાઓને 'પાલન કરનાર' ગણાવી હતી. રિચા ચઢ્ઢાને આ અંગે તેમના મંતવ્યો પૂછવામાં આવ્યા હતા. રિચાએ કહ્યું કે તે નોરા સાથે સંપૂર્ણપણે સહમત નથી.પૂજા તલવાર સાથેના એક ઈન્ટરવ્યુ દરમિયાન રિચા ચઢ્ઢાએ કહ્યું, 'નારીવાદની સુંદર વાત એ છે કે તે તેનો લાભ લેનારાઓને પણ સ્વીકારે છે, પરંતુ પોતાને નારીવાદી કહેવાનું ટાળે છે. તમે કારકિદી બનાવવા માટે સક્ષમ છો, તમે જે પહેરો છો તે પહેરો છો, તમે જે કામ કરવા માંગો છો તે કરવા માટે સ્વતંત્ર છો, આ બધું નારીવાદની ભેટ છે. અને આ એટલા માટે છે કારણ કે આપણી પહેલાની પેઢીએ નક્કી કર્યુ હતું કે મહિલાઓએ પણ બહાર જઈને કામ કરવું જોઈએ અને માત્ર ઘરમાં જ રહેવું જોઈએ નહીં.રિચા ચઢ્ઢાએ વધુમાં કહ્યું કે, 'બધી ભૂમિકાઓ લિંગના આધારે નહીં, માત્ર એવા લોકોના આધારે નક્કી કરવામાં આવે છે જેઓ બાળકને દુનિયામાં લાવવાની જવાબદારી વહેંચી રહ્યાં છે. અને હું સંપૂર્ણપણે સંમત નથી કે સ્ત્રીઓએ આના જેવું હોવું જોઈએ અને તે જેવું નહીં. હું ખરેખર આશ્ચર્યચકિત છું કે આ ખરેખર કહેવામાં આવ્યું હતું.નોરા ફતેહી વિશે વાત કરતાં તેણે કહ્યું હતું કે, 'આ વિચાર કે હું કોઈને નથી જોઈતી. તે નારીવાદ છે. હું આ બકવાસમાં માનતો નથી. મને લાગે છે કે નારીવાદે સમાજને બગાડ્યો છે. સંપૂર્ણ આત્મનિર્ભર બનવાનો અને લગ્ન ન કરવાનો, બાળકો ન હોવાનો, ઘરમાં સ્ત્રી-પુરુષની ગતિશીલતા ન હોવાનો વિચાર, જ્યાં પુરુષ જ ઘરનું સંચાલન કરે છે, ઘરનું ભોજન લાવે છે અને સ્ત્રી પાલનપોષણ કરે છે.



## ટીવીના કલાકારો ઉનાળાની ગરમીની સામે લડવાના ઉપાયો જણાવે છે

ઉનાળોએ તાપના લાંબા દિવસોની, પૂલ પાર્ટીસ અને બીચ વેકેશન્સના દિવસો છે. આ સમય છે, જ્યારે તમે તમારી જાતને સંપૂર્ણ આરામ આપો અને તાપમાં પણ થોડી મજા કરી શકો. જો કે, ગરમ અને ભેજવાળું વાતાવરણ તમારી ત્વચા અને શરીરને નુકશાન કરી શકે છે, કેમકે તેના લીધે શરીરમાં પાણીની કમી, બેભાન થવું, શુષ્કપણું અને બીજું નુકશાન પણ થાય છે. તેથી જ એક નક્કી કરેલા ઉનાળાની કાળજીની નિયમિતતાને અનુસરવી જરૂરી છે, જેથી કરીને તમે સ્વસ્થ્ય અને આકર્ષિત બની રહો. તો ઝી ટીવીના કલાકારો જેવા કે, કુમકુમ ભાગ્યની રચી શર્મા, રબ સે હૈં દુઆની સીરત કપૂર, કુંડલી ભાગ્યની શ્રદ્ધા આર્યા, મૈં હું સાથ તેરેની ઉલ્કા ગુપ્તા અને ભાગ્ય લક્ષ્મીની ઐશ્વર્યા ખરે તમને ઉનાળા દરમિયાન ત્વચાની જાળવણીની જરૂરિયાત અને ટીપ્સ સમજાવે છે.


રચી શર્મા, જે ઝી ટીવીના કુમકુમ ભાગ્યની પૂર્વી કહે છે, "હું માનું છું કે, ઉનાળાની ગરમીમાં બચીને રહેવું એ એક પડકાર છે, પણ કેટલીક ઉપાયોથી હું મારી ત્વચાને હાઈડ્રેટ રાખીને ઠંડી અને આરામદાયક રહેવા પ્રયત્ન કરું છું. ઉનાળા દરમિયાન મારી સૌથી મહત્વની ત્વચાની જાળવણી છે, દર આંતરે દિવસે મુલ્તાની માટી લગાવવી. આનાથી મારી ત્વચામાંથી વધારાનું તેલ નિકળી જાય છે, જેને લીધે મારા રોમ છિદ્રો સાફ થાય છે અને ખીલથી ત્વચાનું રક્ષણ થાય છે. સ્વસ્થ્ય શરીર અને ત્વચા માટેનો વધુ એક વિકલ્પ છે, ખૂબ બધું પાણી પીવું.

સીરત કપૂર, જે ઝી ટીવીના રબ સે હૈં દુઆમાં મન્નતનું પાત્ર કરી રહી છે તે કહે છે, "ઉનાળાએ મારી સૌથી પસંદગીની સિઝન છે, પણ તેમાં થોડી ચિંતા પણ રહે છે. ભેજવાળા વાતાવરણ અને પરસેવાની સાથે, હું સપ્તાહમાં ઘણી વખત મારા વાળ ધોઈને મારી માથાની ત્વચાને સુકી રાખવા પ્રયત્ન કરું છું. ઉનાળા દરમિયાન આ પરિસ્થિતિમાં હું ઘરે બનાવેલો દહીં અને કુંવરપાઠુંની જેલના મિશ્રણનું વાળમાં માસ્ક લગાડું છું.

શ્રદ્ધા આર્યા, જે ઝી ટીવીના કુંડલી ભાગ્યમાં પ્રીતાનું પાત્ર કરી રહી છે તે કહે છે, "એક અભિનેત્રી તરીકે, ઉનાળા એટલે, સુર્યના તકડાનો સામનો કરીને પણ ત્વચાને તાજગીસભર રાખવી. આ એક પડકાર છે! પણ ત્વચાની જાળવણી માટે મેં કેટલીક ટીપ્સ મેળવી લીધી છે. હું મારી ત્વચાને હાઈડ્રેટ રાખવા માટે દરરોજ ખૂબ બધું પાણી પીઉં છું. હું સુર્યની નુક્શાનકારક કિરણોથી બચાવવા માટે સ્નસ્કીન લગાવવાનું ભૂલતી નથી.

## પપ્પુ પ્લેબોય લાવશે હપ્પુના જીવનમાં તોફાન!

એન્ડટીવી પર ઘરેલુ કોમેડી હપ્પુ કી ઉલટન પલટનમાં પતિ-પત્નીની ઓનસ્ક્રીન જોડી દરોગા હપ્પુ સિંહ (યોગેશ ત્રિપાઠી) અને રાજેશ (ગીતાંજલી મિશ્રા) વચ્ચે સતત નોકઝોક અને વહાલે દર્શકોને પેટ પકડાવીને હસાવ્યા છે. જોકે આગામી એપિસોડમાં અણધારી પ્રગતિ ત્યારે નાટકીય વળાંક લે છે જ્યારે દબંગ દુલ્હનિયા રાજેશ સિંહ હપ્પુ સિંહને તેની યુવાનીનો જોશ ગુમાવ્યો છે એવું કહીને ટોકે છે, જેને લઈ હપ્પુ ચિંતામાં મુકાય છે. તે પોતાના વહાલા પપ્પુ પ્લેબોય પાસેથી મદદ માગે છે, જેને લઈ ઘણી બધી હાસ્યસભર ઘટનાઓ સર્જાય છે. આગામી વાર્તા વિશે બોલતાં યોગેશ ત્રિપાઠી ઉર્ફે દરોહા હપ્પુ સિંહ કહે છે, "એક નોકઝોક દરમિયાન રાજેશ મજાકમાં એવું કહે છે કે હપ્પુમાં હવે જોશ રહ્યો નથી.



દરમિયાન પોલીસ સ્ટેશનમાં કમિશનર (કિશોર ભાનુશાલી) તેની પત્ની સાથે ફલર્ટ કરવા માટે પપ્પુ પ્લેબોય (પંકજ સોની)ની ધરપકડ કરે છે. જોકે ૬૫ વર્ષીય પપ્પુ પ્લેબોય તેની વાસ્તવિક ઉંમર કરતાં યુવાન દેખાતો હોવાથી પોલીસ સ્ટેશનમાં મહિલાઓમાં તુરંત લોકપ્રિય બની જાય છે. તે હપ્પુ અને મનોહર (નીતિન જાધવ)ને પણ પ્રભાવિત કરે છે, જેને લઈ હપ્પુ રાજેશનું ધ્યાન આકર્ષવા માટે તેની સલાહ માગે છે.'' આ વાર્તા વિશે ગીતાંજલી મિશ્રા ઉર્ફે રાજેશ કહે છે, ×સ્કૂલમાં માસ્ટરજી નવો નિયમ લાગુ કરે છે, જેમાં પિતાઓએ વિદ્યાર્થીઓ સાથે પૂર્વસક્રિય રીતે સહભાગી થવાની અપેક્ષા હોય છે. રણબીર (સોમ્યા આઝાદ) અને ચમચી (ઝારા વારસી) હપ્પુ તેમની સ્કૂલમાં નહીં આવે એવું ચાહે છે અને તેથી આઈસક્રીમવાળાને તેમનો પિતા બનાવીને લઈ જાય છે. જોકે મલાયકા (સોનલ પાનવર)ને આ જાણ થતાં તેમની યોજના પડી ભાંગે છે.

## મહેમદાવાદના સણસોલી ગામમાં ખેડૂતના નામે લોન મંજૂર કરાવી નાણાં ઉપાડી લીધાની રાવ

**નડીયાદ,**
મહેમદાવાદ તાલુકાના સણસોલી ગામે એક ખેડૂતની સાથે છેતરપિંડી થવાની ઘટના નોંધાઈ છે. લોન માટે જે વ્યક્તિને કામગીરી સોંપવામાં આવી હતી. તે જ વ્યક્તિ દ્વારા ચેકનો ખોટી રીતે ઉપયોગ કરીને લોનના નાણાં બારોબાર ઉપાડી લીધા હતા જેના નામે લોન લીધી હતી તે ખેડૂતનું મોત થયા તેમના પુત્ર દ્વારા બેંકના જવાબદાર અધિકારીઓ સહિત બે વ્યક્તિ સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

### જેના નામે લોન લીધી હતી તેનું અવસાન થતાં પુત્રએ ફરિયાદ નોંધાવી

મહેમદાવાદ તાલુકાના રણસોલી ગામે રહેતા ૪૫ વર્ષીય રમેશભાઈ આતાભાઈ પરમારના પિતા આતાભાઈ પૂજાભાઈ પરમાર વર્ષ ૨૦૨૨માં એપ્રિલ માસમાં અવસાન પામ્યા હતા. આ આતાભાઈની માલિકીની જમીન જેનો ખાતા નંબર ૮૮૪ બ્લોક સર્વે નંબર ૫૬૩ ક્ષેત્રફળ હે.આર.એ. ૨-૦૧-૧૪ ચો.મી.વાળી જમીન પોતાના સણસોલી ગામમાં આવેલ છે. આતાભાઈના મૃત્યુ બાદ પુત્ર રમેશભાઈ વારસાઈ કરાવવાના કામે જમીનની ૭ ગુણિયા૧૨ની નકલ કઢાવી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે, આ જમીન પર રૂપિયા દસ લાખનો લોનનો બોજો છે. જો કુટુંબીજનોએ કોઈપણ પ્રકારની લોન લીધી ન હોતી. જેથી તપાસ કરતાં આતાભાઈના ખાતામાંથી તારીખ ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ લોનની રકમ રૂપિયા ૫ લાખ ૭૭ હજાર ૯૦૦ જમા થઈ હતી અને આ રકમમાંથી આજ દિવસના રોજ૫ લાખ ૭૦ હજાર રૂપિયા ૨૬ ફુબ્રુઆરીના રોજ મહેમદાવાદના મગનપુરા ગામે રહેતા રાજેશભાઈ સોમાભાઈ ચૌહાણે પોતાના ખાતામાં જમા કરાવ્યાની વિગતો મળી હતી. મૃતક આતાભાઈ પરમારે જે તે સમયે રાજેશભાઈ ચૌહાણને જમીનમાં લોનની કામગીરી સોંપી હતી.

જે તે સમયે આ રાજેશે આતાભાઈ પાસેથી કુલ ૫ કોરા સહીવાળા ચેક લીધા હતા. તેમાંથી એક ચેકમાં આ રકમ લખી વટાવી દીધો હોવાની વિગતો રમેશભાઈના ધ્યાને આવી હતી. રાજેશ પાસે તપાસ કરતાં આ વિગતો પણ સાચી ઠરી હતી. આ મામલે મૃતકના પુત્રએ સહી કરેલા કોરા ચેક મારફતે રકમ ઉપાડી લઈ છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કર્યો હોવાની ફરિયાદ મહેમદાવાદ પોલીસ મથકે નોંધાવી છે.

## ભારત આવનારા છાત્રોની સંખ્યા બે લાખ પહોંચાડવા અમેરિકા પ્રયત્નશીલ

**વડોદરા,**
ભારતથી યુએસએ ભણવા જનાર વિદ્યાર્થીઓની સંખ્યા લાખોમાં છે ત્યારે દર વર્ષે યુએસએથી ભારત આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦૦ છે જે સંખ્યા બે લાખ સુધી પહોંચાડવા માટે યુએસએ પ્રયત્નશીલ છે. તેમ યુએસ કોન્સુલ જનરલ માઈક હેન્કીએ વડોદરા ખાતે સીઆઈઆઈના કાર્યક્રમમાં જણાવ્યું હતું. તેમણે આગામી જૂન મહિનામાં યુએસ ખાતે યોજાનાર સિલેકટ પ્રોગ્રામમાં ૪૦૦૦ જેટલી કંપનીઓ ભાગ લેતી હોય છે. ગત વર્ષે ભારતનું સૌથી મોટું ડેલિગેશન આ કાર્યક્રમમાં જોડાયું હતું. ત્યારે આ વર્ષે પણ ભારતનો સૌથી મોટું ડેલીગેશન જશે તેવી આશા વ્યક્ત કરી હતી. માઈક હેનકીએ જણાવ્યું હતું કે, ભારત પાસેથી યુપીએ સિસ્ટમ અમેરિકાએ શીખવા જેવી છે. ભારતમાં નારિયેળ પાણી વેચતા રેન્કડીવાળા પાસે પણ ઓનલાઈન પેમેન્ટની સુવિધા છે અને તે ઓનલાઈન પેમેન્ટ સ્વીકારે છે ત્યારે યુએસમાં સિલેકટેડ જગ્યાએ ઓનલાઈન પેમેન્ટ સ્વીકારવામાં આવે છે. ભારતની આ સિસ્ટમ અમેરિકાએ પણ શીખવી જોઈએ.

# મધ્ય ગુજરાત



ખેડા, આણંદ, વડોદરા જિલ્લાના સમાચારો

## વડોદરાના શિક્ષકને કેનેડાના વર્ક વિઝા અપાવવાનું કહી ૧૬ લાખ પડાવ્યા

**વડોદરા,**
વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતા શિક્ષકને એક વિઝા કનેલ્ટન્સીએ કેનેડામાં વર્ક વિઝા આપવાનું કહી ૧૬ લાખ રૂપિયા લીધા બાદ વિઝા ન અપાવી છેતરપિંડી કરી હતી.

ગોરવામાં રહેતા નરેન્દ્ર મહાર ગણિતના શિક્ષક તરીકે નોકરી કરે છે. જાન્યુઆરી ૨૦૨૩માં સોશિયલ મીડિયા મારફતે આઈ સ્કવેર નામની વિઝા કલ્સટન્સીનો સંપર્ક કર્યો હતો જેમાં ભૂમિ પુરોહિત સાથે વાત થઈ હતી જ્યારે તેઓ કનસલ્ટન્સીમાં ભૂમિને મળવા ગયા ત્યારે તેના ભાઈ અંકિતે કહ્યું હતું કે અમે અમદાવાદ અને વડોદરા ખાતે વિઝા કન્સલ્ટન્સી ચલાવીએ છે અમે તમને કેનેડામાં ૨૩ લાખમાં વર્ક પરમીટ વિઝા અપાવીશું. જેના માટે તમારે હાલ ૭ લાખ રૂપિયા આપવા પડશે. જે પછી આ ટોળકીએ બાયોમેટ્રીક માટે અમદાવાદના કોઈ સલૂનમાં બોલાવ્યા હતા. અહીં સોહમ પટેલ નામના વ્યક્તિએ બીજા ૯.૪૬ લાખ રૂપિયા લીધા હતા. જો કે તે પછી પાસપોર્ટ કે વિઝા ન મળતાં તેમણે પૈસા પરત માંગતા પરંતુ ન આપતા આ મામલે ગોરવા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### વડોદરાનું ઘર અન્ય કોમની વ્યક્તિને વેચ્યું હતું, દસ્તાવેજ પણ કરાવ્યો

## નકલી હુકમ મૂકી અશાંતધારામાં ઘર વેચ્યું, બેનાં આગોતરા નામંજૂર

**વડોદરા,**
સંવેદનશીલ વિસ્તારમાં હિન્દુઓની હિજરત રોકવા માટે સરકારે અશાંત ધારાનો કડક નિયમ ઘડયો છે. તેમ છતાં આવી મિલકતોના સોદા ગુપચૂપ થતાં હોય છે ત્યારે વડોદરા પાણીગેટ વિસ્તારમાં અશાંત ધારા હેઠળની મિલકત વેચાણ કરવા અંગે પરમિશન માંગવામાં આવી હતી. આ અંગે કલેકટર સમક્ષ કરવામાં આવેલી અરજી પેન્ડીંગ હતી. રિપોર્ટમાં અરજી કેન્સલ થવા છતાં પણ બારોબાર સોદો કરી નાંખવા અંગે નોંધાયેલી ફરિયાદ સંદર્ભે સંભવિત ધરપકડથી બચવા મહિલા સહિત બે આરોપીઓ દ્વારા કરવામાં આવેલી આગોતરા જામીન અરજી અદાલતે ફગાવી દેતાં પોલીસે બન્ને આરોપીની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

આ અંગે અદાલતની વિગર એવી છે કે અશાંત ધારા હેઠળ વડોદરા કસબાની જમીન વેચાણ અંગે વડોદરા કલેકટર સમક્ષ પેન્ડીંગ હતી. આમ છતાં લતાબેન જયસૂર્યકાંત શાહ (રહે.ખત્રી પોળ, મોટી છીપવાડ, પાણીગેટ દરવાજા પાસે) અને ઈલ્યાસ યુસુફ શેખ (રહે મોટી વાપીવાડ, પાણીગેટ) સહિત બન્ને જણાએ વડોદરા સબ રજિસ્ટ્રારની કચેરીમાં વેચાણ દસ્તાવેજ કરાવીને આ મિલકત તબદિલ કરાવી દીધી હતી.

બીજી બાજુ વડોદરા ખાતે કરવામાં આવેલી અશાંતધારાની અરજી ના મંજૂર થઈ હતી જેથી આ અંગે અમદાવાદ ખાતે અપીલ કરવામાં આવી હતી પરંતુ ત્યાંથી અરજી વડોદરા પોલીસ કમિશનરને ટ્રાન્સફર થઈ હતી. બન્ને આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજૂર કરતા પોલીસે બન્ને આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી શરૂ કરી છે.

### વડોદરા-હાલોલ રોડ પરનો બનાવ

## આમલિયારા પાસે ટ્રકમાં દાણા ભરેલી બેગની આડમાં છૂપાયેલો દારૂ મળ્યો

**વડોદરા,**
જિલ્લા એલબીસીનો સ્ટાફ જરોદ પાસે પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે ટ્રકમાં પ્લાસ્ટિકના દાણા ભરેલી બેગોની આડમાં વિદેશી શરબનો જથ્થો લઈને ગોધરા તરફથી આવી રહ્યો છે ને તે વડોદરાથી સુરત જવાનો છે. જે બાતમીના આધારે એલસીબીની ટીમ આમલિયારા ગામ પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન ટ્રક આવી પહોંચતા તેને અટકાવી હતી.

પોલીસે ટ્રકના ચાલકની પૂછપરછ કરતાં નામ હિરાલાલ દુખરન શાહ (રહે.લક્ષ્મી પાર્ક, તાઉ ચોક, વેસ્ટ દિલ્હી)નો હોવાનું જણાવ્યું હતું. જ્યારે ટ્રકમાં શું માલ-સામાન ભરેલ છે તે અંગે પ્લાસ્ટિકના દાણાની બેગો ભરેલ છે. પોલીસે ટ્રકની તલાશી લેતાં પ્લાસ્ટિકના દાણા ભરેલી બેગોની આડમાં રૂપિયા ૩.૮૩ લાખનો વિદેશી શરાબનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરવા સાથે રૂપિયા ૩.૮૩ લાખનો વિદેશી શરાબના જથ્થા સહિત પ્લાસ્ટિકના દાણા ભરેલ ૨૮૦ બેગો મળી કુલ રૂપિયા ૨૩.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જરોદ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો દાખલ કરી બે બુટલેગરોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

### પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધાનપુર અને રીછવાણીના

## બે કામદારોને સરકારશ્રીના જાહેર કરેલ પરિપત્ર મુજબ પગાર ચૂકવવાનો ગુજરાત હાઈકોર્ટનો આદેશ

**(પ્રતિનિધિ) ગોધરા,**
જિલ્લા આરોગ્ય અધિકારી ગોધરા પંચમહાલ હસ્તક ચાલતી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધાનપુર અને રીછવાણી ના બે કામદારોને સરકારશ્રીના તારીખ ૧૬ ૭ ૧૯ ના જાહેર કરેલ પરિપત્ર મુજબ માસિક રૂપિયા ૧૪,૮૦૦ મુજબ પગાર ચૂકવવાનો ગુજરાત હાઈકોર્ટ આદેશ

કમિશનર શ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગર ના નેજા હેઠળ ચાલતી જિલ્લા આરોગ્ય અધિકારી હસ્તકની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધારાપુર તાલુકો શહેરા જિલ્લો પંચમહાલમાં ૧૯૯૬ થી પ્યુન કમ સફાઈ કામદાર તરીકે કાંતિભાઈ પી રાવળ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રીછવાણી તાલુકો ઘોઘંબા પંચમહાલ માં ૨૦૦૨ થી પટાવાળા કમ પ્યુન તરીકે ફરજ બજાવતા ભરતભાઈ મગનભાઈ હરીજન ને સંસ્થાએ ફરજ ઉપર રાખ્યા તે સમયે સંસ્થાની સરળતાથી લઈ પેપર એરેજમેન્ટ પુરતા અંશકાલીન કામદાર તરીકે હુકમો આપી તેમની પાસે પૂરા આઠ કલાકની કામગીરી લેવામાં આવતી હતી તે પેટે ચૂકવવા પાત્ર થતા લઘુતમ વેતન ધારા કરતા ખૂબ જ ઓછો પગાર ચૂકવી કામદારોનું શોષણ કરવામાં આવતું હતું ફક્ત તેઓને ૧૩૫૦ જેટલું પગાર ધોરણ ચૂકવી શોષણ કરવામાં આવતું હતું જેને લઈ અરજદારોએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એ.એસ ભોઈ ને રૂબરૂમાં મળી તેઓને થયેલા અન્યાય બાબતે રજૂઆત કરતા ફેડરેશન દ્વારા લાગતા વળગતા સત્તાધીશોને સરકારશ્રીના તારીખ ૧૬/૭/૧૯ મુજબ માસિક રૂપિયા ૧૪,૮૦૦ તથા પરિપત્રમાં જણાયા મુજબ ની તારીખથી પગાર તથા બાકી નીકળતા પગાર તફાવતની રકમ પણ ચૂકવી આપવા જાણ કરે પરંતુ સત્તાધીશો દ્વારા કોઈ પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો પરંતુ ફરજ બજાવતા કામદારોને તેમના મહેતાના પેટે ચૂકવવામાં આવતો પગાર માંગણી બાબત ની કિન્નાખોરી રાખી પગાર ચૂકવવાનું પણ બંધ કરી દેવામાં આવેલ જેને લઈ ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર ૮૩ ૬૭/ ૨૧ તથા ૮૫ ૩૭/૨૧ દાખલ કરવામાં આવે તે કામે ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ દિપક આર દવે હાજર રહેલ અને કેસમાં પડેલ પુરાવા આધારિત બંને પક્ષકારોના વકીલોની દલીલ સાંભળી અરજદારોને સરકારસરકારના પરિપત્ર મુજબ ૧૪,૮૦૦ પગાર પરિપત્ર ની તારીખથી અમલ કરી ચૂકવવો તેમજ તેમના નીકળતા

પગાર તફાવતની રકમ ચૂકવી આપવાનો આદેશ કરે જે આદેશ અમલ કરવા સત્તાધીશોને નોટિસ પણ પાઠવે ના છૂટકે હુકમ નું પાલન કરવા બાબતે કન્ટેમન્ટ અંગેની કાનૂની કાર્યવાહી હાથ ધરાતા નામદાર ગુજરાત હાઈકોર્ટે તાત્કાલિક અસરથી એટલે કે અરજદારોને ચાર અઠવાડિયામાં પરિપત્ર મુજબના લાભો ચૂકવી આપવાનો આખરી આદેશ ફરમાવતા કામદારોમાં આનંદની લેહર વ્યાપી છે

# ગામે ગામના સમાચાર

## જામનગર: ચેક પરત ફરવાના કેસમાં વલસાડના વેપારીને બે વર્ષની સજા

**જામનગર,**
વલસાડનાં વેપારીએ જામનગરના વેપારીને આપેલો ચેક પરત ફરવાના કેસમાં વલસાડનાં વેપારીને બે વર્ષની સજાનો અદાલતે હુકમ કર્યો છે. જામનગરમાં ટાર્ગેટ પોલીમર્સ પ્રા.લીમી.ના નામથી ધંધો કરતા સંદીપ કિશોરભાઈ કેશરીયયો કે જજેઓ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પ્લાસ્ટીકના દાણા વેચાણ કરવાની ડીલરશીપ ધરાવે છે. તેમની પાસેથી વલસાડ જીલ્લાના પારડીમાં રહેતા વીલાસ નાનુભાઈ પરમાર કે જેઓ શ્રીહરી પ્લાસ્ટ પેકના નામથી ધંધો કરતા હોય તેઓએ પ્લાસ્ટીક દાણા ખરીદ કર્યા હતા. જેની વેચાણ કિમત ચુકવવા પેટે વીલાસ નાનુભાઈ પરમારે પોતાની પેઢી શ્રીહરી પ્લાન્ટ પેકના નામનો રૂા.૩,૩૧,૫૫૯ ની રકમનો ચેક આપ્યો હતો. આ ચેક બેકમાંથી પરત ફરતા સંદીપભાઈ કેશરીયાએ જામનગર કોર્ટમાં ચેક પરત ફરવા અંગે ફરીયાદ દાખલ કરી હતી. આ કેસ ચીફ જયુડી મેજી.ની કોર્ટમાં ચાલી જતા અદાલતે તમામ પુરાવા ધ્યાને લઈ આરોપી શ્રીહરી પ્લાસ્ટ પેકના પ્રોપરાઈટર વીલાસ નાનુભાઈ પરમારને બે વર્ષની સજા તથા રૂા.૩,૩૨,૦૦૦ નો દંડનો હુકમ કર્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### બાંધકામ સાઈટ ઉપરથી નીચે પટકાતા શ્રમીકનું મૃત્યુ

જામનગર: જામનગરમાં પોલીસ હેડકવાર્ટર પાછળ નવા રહેલા પ્રધાનમંત્રી આવાસની સાઈટ પર દુર્ઘટના બની હતી. આ ઉત્તરપ્રદેશના સોલાપુરનો વતની અને હાલ જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં રહેતા રાધેશ્યામ શિવ બચ્ચન સુવારી નામનો યુવાન મજુરી કરી રહયયા હતા પ્રધાનમંત્રી આવાસની સાઈટ પર ત્રીજા માળે મજુરી કામ દરમ્યાયન કોઈ કારણસર અકસ્માત નીચે પટકાતા ગંભીર ઈજા થવાથી તેનું ઘટના સ્થળે જ મૃત્યુ નીપજયું હતું. આ બનાવ અંઅગે પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહનો કબજો સંભાળી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### પોરબંદરના કાટવાણામાં કુવામાં ખાબકતા યુવાનનું મૃત્યુ

પોરબંદર: પોરબંદરના કાટવાણા ગામે વાડી વિસ્તારમાં કુવામાંથી મોટર કાઢી યુવાનનું અકસ્માતે મૃત્યુ નીપજયું હતું. ભરત ગીગાભાઈ મોઢવાડીયા ઉ.વ.૪૪ નામનો યયુવાન કાટવાણામાં વાડીએ કુવામાંથી ચેનકંપા વડે મોટર બહાર કાઢતો હતો ત્યારે અકસ્માતે ચેન તુટી જતા કુવામાં ખાબકયા હતો. પાણીમાં ડૂબી જતા તેનું મૃત્યું થયું હતું.

### વાંકાનેરમાં આધેડે ઝેરી દવા પી જીંદગી ટૂંકાવી

વાંકાનેર: અહીના વીશીપરામાં માતાજીના મંદીર પાસે રહેતા રમેશભાઈ માલાભાઈ ઝીંઝુવાડીયયા ઉ.૫૫ નામના આધેડે કોઈ અગમ્ય કારણોસર ઝેરી પદાર્થ પી જીંદગી ટુંકાવી હતી.

### ભાવનગરમાં બોર તળાવમાં પગ લપસી જતા ડૂબી જવાથી યુવાનનું મૃત્યુ

ભાવનગર: બોરતળાવમાં નાહવા પડતા પગ લપસી જવાથી લાલજી રમેશ લકુમ નામના યુવાનનું ડૂબી જવાથી મૃત્યુ નીપજયું હતું.

### સુરતમાં માર્ગ અકસ્માતમાં બાઈક ચાલક યુવાનનું મૃત્યુ

સુરત: પુણા પાટીયા વિસ્તારમાં આવેલી ગંગા હોટલની સામે બાઈક ચાલક દ્વારા ટ્રકને ઓવરટેક કરવા જતા અકસ્માત સર્જાયો હતો. પુરપાટ ઝડપે દોડતી ટ્રકને ઓવરટેક કરવા જતા બાઈક સ્લીપ થઈગઈ હતી. જેથી બાઈક પર સવાર બે લોકો નીચે પટકાયા હતા. જેમાં ટ્રકના પાછળનું વ્હીલ ફરી વળતા બાઈક ચાલક પ્રહલાદસિંહ સોલંકી નામની વ્યકિતનું ઘટના સ્થળળે જ મૃત્યુ નીપજયું હતું. જયારે બીજી વ્યકિતને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ ના કર્મચારી હોસ્પિટલમાં લઈ ગયા હતા. પોલીસે અકસ્માત મૃત્યુનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જામનગરમાં એસ. ટી. ડેપોમાંથી વેપારીનો આઈફોન ચોરાયો

જામનગર: જામનગરમાં વાલકેશ્વરી નગરીમાં રહેતા રમેશભાઈ વશરામભાઈ માણસુરીયા નામના પ્રૌઢ જામનગરના એસ.ટી. બસ સ્ટેશનનાં પ્લેટફોર્મ નં.૧ ઉપર બસની રાહ જોઈને ઉભા હતા.તે દરમ્યાન કોઈ તસકર ત્યાં ધસી આવ્યો હતો અને તેમનાં ખિસ્સામાંથી રૂા.૫૦ હજારની કિમતનો આઈફોન ચોરી કરી ગયાની ફરીયાદ પોલીસમાં નોધાવતા પોલીસે બસ સ્ટેન્ડ નજીક લગાવાયેલા સીસીટીવી કેમેરા ચકાસી તસ્કરોને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.

### સામરડા નજીક બાઈક સ્લીપ થતા ચાલકનું મૃત્યુ: પત્નીને ઈજા

જુનાગઢ: માંગરોળ તાલુકાના સોમરડા નજીક ખેરડા ફાટક પાસે રહેતા વીરૂભાઈ સવજીભાઈ સોલંકી ઉ.૪૧ પોતાની બાઈકમાં પત્ની પરભીબેન તથા પુત્રી તથા પુજા સાથે જઈ રહયા હતા. ત્યારે બાઈક સ્લીપ થતા પરીવાર ફેકાતા પત્નીની નજર સામે પતીને ગંભીર ઈજા પહોચતા મૃત્યુ થયું હતું. શીલ પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવથી પંથકમાં અરેરાટી પ્રસરી ગઈ છે.

### વાઘોડીયા-ડભોઈ રીંગ રોડ પર મકાનમાંથી ૧.૬૫ લાખની ચોરી

વડોદરા: વડોદરાના વાઘોડીયા-ડભોઈ રીગ રોડ પર મહેશ કોમ્પ્લેક્ષ પાછળ બાલાજી વિહારમાં રહેતા આશીષ બાલકૃષ્ણ સોની નામના વેપારીના મકાનમાંથી દાગીના અને રોકડ સહીત રૂ.૧.૬૫ લાખની ચોરી થઈ હતી. વેપારીનો પરીવાર સુતો હતો ત્યારે તસ્કરો હાથફેરો કરી ફરાર થયા હોવાનું ફરીયાદમાં જણાવાયું છે.

### સલાયામાં ત્રિદિવસીય ઉર્સનું આયોજન

સલાયા: સલાયામાં આવેલ પ્રસિદ્ધ માસુમશાહ સરકાર અને હાજી કમાલશા બાબાનો ઉર્ફે તા.૧૪મી૧૬ ઉજવાશે. તા.૧૪મીએ હાસમશા પીરની તકસીર, તા.૧૫મીએ માસુમસા પીરની તકરીર, તા.૧૬મીએ બપોરે ન્યાઝ સંદલ અને રાત્રે યુપીના કવ્વાલ જુનેદ સુલતાની મુંબઈના કવ્વાલ મુસતફા નાઝા વચ્ચે મુકાબલો થશે. તેમ સમસ્ત સુન્ની મુસ્લીમ જમાતની યાદી જણાવે છે.

### માણાવદરમાં વાહન ચાલકે ત્રણ થાંભલા તોડયા

માણાવદર: માણાવદરમાં એક અજાણ્યા વાહન ચાલકો બેફામ વાહન ચલાવી ત્રણ વીજ થાંભલા સાથે ટકરાવ્યું હતુ. તેના કારણે બે થાંભલા તૂટી ગયા છે. એક વાંકો વળી ગયો છે. થાંભલો તૂટતા જીવંત વીજવાયર લબડી ગયો હતો. સનદસીબે જાનહાની ટળી હતી. એક કલાક સુધી વીજ પુરવઠો ખોરવાયો હતો.

# દરેકે માત્ર પોતાની પ્રગતિથી સંતોષ ન માની, સર્વની પ્રગતિમાં જ પોતાની પ્રગતિ સમજવી જોઈએ : રાજ્યપાલ

### ગુરુકુળ કુરુક્ષેત્ર ખાતે અલંકરણ સન્માન સમારંભ યોજાયો



**(માહિતી) અમદાવાદ,**
રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, સમાજ, દેશ અને પરિવાર ત્યારે જ પ્રગતિ કરે છે જ્યારે તેઓ નીતિ-નિયમો અને સિદ્ધાંતોનું પાલન કરે છે. હરિયાણાના ગુરુકુળ કુરુક્ષેત્રમાં આયોજિત અલંકરણ સન્માન સમારોહમાં તેમણે કહ્યું કે, વહાણ દરેક સુવિધાથી સજ્જ હોય, પરંતુ જો તેમાં નાનું છિદ્ર પણ થઈ જાય તો તેને ડૂબાડી શકે છે. તેવી જ રીતે, વિદ્યાર્થીઓ પણ જો નિયમો અને શિસ્તની અવગણના કરે તો વિકાસ રૂંધાય છે.

આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આળસુ વ્યક્તિ કોઈ ઉદ્દેશ્ય વગર પોતાનું જીવન વિતાવી દે તો તેનો વિકાસ નથી થવાનો. મહેનતુ માણસ સમાજમાં પોતાની આગવી ઓળખ ઊભી કરે છે. જે વિદ્યાર્થીઓ તેમની જવાબદારીઓને પૂર્ણપણે નિભાવે છે તેઓ જીવનમાં ચોક્કસપણે સફળ થાય છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, દરેક વ્યક્તિએ ફક્ત પોતાની પ્રગતિથી સંતોષ ન માની, સર્વની પ્રગતિમાં જ પોતાની પ્રગતિ સમજવી જોઈએ. આવા લોકો હંમેશા સમાજમાં પરોપકાર, માનવતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અભ્યાસ અને સખત પરિશ્રમના મહત્વ પર ભાર મૂક્યો હતો. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ શિક્ષકો અને સંચાલક મંડળને પણ પોતાની જવાબદારી સારી રીતે નિભાવવાની હાકલ કરતાં કહ્યું કે, બાળકો તેમના શિક્ષકોના આચરણમાંથી જ શીખે છે. જેથી શિક્ષકે હંમેશા તેમના જીવનમાં સત્યનું આચરણ અને શિસ્તનું પાલન કરવું જોઈએ.

ગુરુકુલમાં દાખલ થયેલા નવા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવતાં તેમણે કહ્યું કે, જીવનમાં હંમેશા મોટું વિચારો, કારણ કે ટુંકી વિચારસરણી ક્યારેય વ્યક્તિને મહાન બનાવી શકતી નથી. તમારા લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને પ્રાપ્ત કરો. તેમણે વિદ્યાર્થીઓને તેમની ફરજ પ્રત્યે જાગૃત રહેવા અને હંમેશા શિસ્ત, સંસ્કારોનું પાલન કરવાની શીખામણ આપી હતી. આ અવસરે નિયામક શ્રી ડૉ.પ્રવીણ કુમારે વિદ્યાર્થીઓને ગુરુકુલની વિવિધ જવાબદારીઓ,જેવી કે ભોજનાલય, રમતનું મેદાન, છાત્રાલય, શાળા હેઠળના વિવિધ કાર્યો માટે શપથ લેવડાવ્યા જેથી તેઓ સોંપેલ કાર્યો અને ફરજો યોગ્ય રીતે નિભાવી શકે. કાર્યક્રમનું સંચાલ શ્રી સંજીવ આર્યએ કર્યું હતું.

# ચોટીલામાં યુવતિને ભગાડી જવા મુદ્દે યુવકની હત્યા કરાયાનું ખુલ્યું

**ચોટીલા,**
ચોટીલામાં ગઈકાલે યુવકનો મૃતદેહ મળ્યા બાદ ટોળાએ પોલીસ સ્ટેશને ઘેરી હાઈવે પર ચકકાજામ કર્યો હતો. આ યુવકની હત્યા ઓનર કિલીગ હોવાનું અને પ્રેમપ્રકરણમાં થયાનું સામે આવ્યું છે. યુવતીના પરીવારજનોએ પ્રેમ પંખીડાને શોધી યયુવતીને ઘેર મોકલી દઈ યુવકની ક્રૂર હત્યા કરી ગુપ્તાગ અને હાથ કાપી નાખી રાજાવાડાની સીમમાં નદીના કાંઠે લાશ ફેકી સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવ અંગે યુવતીના પરીવારજનો છ શખ્સો સામે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

ચોટીલાના રાજાવાડ ગાગમે રહેતા મુળાભાઈ હમીરભાઈ વાઘેલા ઉ.૫૫ એ પોલીસમાં નોધાવેલી દેવસર ગામે રહેતા છ શખ્સોના નામ આપ્યા છે. ફરીયાદીનો વચેટ પુત્ર દીલીપ ઉ.૨૬ કડીયા કામ કરતો હતો. છેલ્લા ત્રણ માસથી દેવસર ગામે નવા મકાનના બાંધકામ માટે કડીયા કામનો કોન્ટ્રાકટર રાખ્યો હતો. અને દરરોજ દેવસર ગામે કડીયા કામે જતો હતો. યુવતી સાથે કડીયા કામે જતો હતો.યયુવતી સાથે આંખ મળી જતાં બંને વચ્ચે પ્રેમ સંબંધ પાંગયો હતો. પાંચ દિવસ પહેલા આ પ્રેમી યુગલ દેવસર ગામેથી ભાગી ગયું હતું. જેની જાણ ફરીયાદીને થતાં પોતાના પુત્રની શોધખોળ શરૂ કરી હતી. બાદમાં તપાસ કરતાં ગઈકાલે બપોરે રાજાવડલા ગામની સીમમાં નદીના કાંઠેથી કોહવાયેલ હાલતમાં દીલીપ વાઘેલાનો મૃતદેહ મળી આવ્યો હતો. જેનો ગુપ્તાંગગ તેમજ એક હાથ કપાયેલો હતો. અને લાશને સળગાવી દેવાનો પ્રયાસ કર્યો હતો. તેના કપડા પરથી તેની ઓળખ મળી હતી. આ ઘટના અંગે ચોટીલા પોલીસને જાણ કરતા પોલીસે યુવતીના પરીવારજનો સામે હત્યા, પુરાવાની નાશ ધમકી, અને એટ્રોસીટીની કલમો હેઠળ ગુનો નોધી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# ભરૂચની એલસીબીએ દારૂ ભરેલી ઈક્કો કાર સાથે ચાલકને ઝડપ્યો

### રૂા.૪.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચના કીશનાડથી ઠીકરીયા ગામ જતા રોડ ઉપર ઈક્કો કારમાં દારૂની હેરાફેરી થઈ રહી હતી.જેની માહિતી એલસીબી ટીમને મળતા જ ટીમે ઈક્કો કાર પકડી તેમાંથી દારૂની પેટી નંગ ૧૫ કિંમત ૭૨ હજાર અને ઈક્કોની સાથેનો મુદ્દામાલ મળી કુલ ૪.૨૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

ગુજરાત રાજ્યમાં લોકસભાની ચૂંટણીઓ પૂર્ણ થતાં જ પુનઃ બૂટલેગરો સક્રિય થઈને જિલ્લાઓમાં દારૂ ઘૂસાડી રહ્યા છે.ત્યારે ભરૂચ એલસીબીના પીએસઆઈ ડી.એ.તુવરની ટીમ પાલેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.તે દરમ્યાન માહિતી મળી હતી કે સફેદ કલરની ઈક્કો કારમાં એક વ્યક્તિ ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ઠીકરીયા ગામ તરફ આવનાર છે.ટીમ કીશનાડ ગામથી ઠીકરીયા ગામ તરફ જતા રોડ ઉપર વોચ તપાસમાં ગોઠવાઈ ગઈ હતી.માહિતીવાળી ઈક્કો કોરવ્હીલ કાર આવતા તેને રોકી તેની તલાસી લેતા તેમાથી ભારતીય બનાવટના વિદેશી દારૂના બોક્ષ નંગ ૧૫ જેમાં ૧૮૦ મી.લીના પાઉચ નંગ ૭૨૦ મળી કુલ ૭૨,૦૦૦ નો મુદામાલ ઝડપી પાડયો હતો.

પોલીસે ઈક્કો કાર ચાલક અક્ષય ઉર્ફે દશરથ સુરેશભાઈ વસાવાને મુદ્દામાલ વિશે પૂછતાં ટંકારીયા ગામના વિજયના કહેવાથી,સાંસરોદ મુકામેથી ઈમરાન કુરેશી પાસેથી, ઈક્કો ગાડીમાં ભરી ટંકારીયા આપવા જતો હોવાની કેફીયત આપી હતી.હાલ આ મમાલે એલસીબીએ દારૂ મંગાવનાર અને દારૂ મોકલનારને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાની કવાયત હાથધરી છે.

# દાહોદ જિલ્લામાં ગોઝારા અકસ્માતના બનેલા બે બનાવોમાં બે વ્યકિતના મોત

**(પ્રતિનિધિ)દાહોદ,**
દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ જુદા જુદા સમયે છેલ્લા ૨૪ કલાક દરમિયાન બનેલા ગોઝારા અકસ્માતના બે બનાવોમાં બે જણા સ્થળ પર જ કાળનો કોળિયો બન્યાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં ગોઝારા અકસ્માતના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદ તાલુકામાં ઈન્દોર- અમદાવાદ નેશનલ હાઈવે નંબર- ૪૭ વાળા રોડ પર ઘાટાપીર, ચામુંડા હોટલ પાસે ગત મોડી રાતના સાડા ત્રણ વાગ્યાના સમારે બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રેક્ટર ચાલક પોતાના કબજાનુ જીજે૨૦ સીએ ૪૪૫૪ નંબરનું ટ્રેક્ટર પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી આગળ જઈ રહેલી જીજે ૨૦ એ આર ૩૮૦૧ નંબરની મોટરસાયકલને પાછળથી જોશભેર ટક્કર મારી ટ્રેક્ટર ચાલક પોતાના કબજાનુ ટ્રેક્ટર સ્થળ પર મૂકી નાસી જતા મોટરસાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાયેલા લીમખેડા તાલુકાના કથોલીયા ગામના હર્ષ કુમાર રામસિંગભાઈ કોચરાને શરીરે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ દાહોદ તાલુકા પોલીસને થતા તાલુકા પોલીસ તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી. અને મરણ જનાર હર્ષ કુમાર કોચરાની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામુ કરી પોસ્ટમોર્ટમ માટે લાશને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપી કથોલીયા ગામના મરણ જનાર હર્ષકુમાર કોચરાના પિતા રામસિંગભાઈ વીરાભાઈ કોચરા એ નોંધાવેલી ફરિયાદને આધારે તાલુકા પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

જ્યારે જિલ્લામાં ગોઝારા અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે રાત્રિના આઠ વાગ્યાના સુમારે લીમખેડા બાયપાસ હાઈવે રોડ પર બનવા પામ્યો હતો. જેમાં એક ટ્રેક્ટર ચાલક તેના કબજાનું ટ્રેક્ટર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લઈ આવી સામેથી આવી રહેલી એમપી ૪૫ ઝેડ ડી ૩૭૯૫ નંબરની મોટરસાયકલને સામેથી ટક્કર મારી પોતાનું ટ્રેક્ટર લઈ નાસી જતા સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં મોટરસાયકલ ચાલક મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના ઉમરીયા સાલમ ગામના રમેશભાઈ સપાભાઈ ભાભોર મોટરસાયકલ પરથી ફંગોળાઈને રોડ પર પટકાતા તેને માથાના ભાગે ગંભીર જીવલેણ જાઓ થતા તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે મોટર સાયકલ પર પાછળ બેઠેલ રમેશભાઈ ની પત્ની દિતાબેન રમેશભાઈ ભાભોર ને શરીરે ઓછી વધતી ઈજાઓ થવા પામી હતી. આ સંબંધે ઉમરીયા સાલમ ગામના સાલમ ગામના રાકેશભાઈ શકરીયાભાઈ ભાભોરે નોંધાવેલી ફરિયાદને આધારે લીમખેડા પોલીસે ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

### મોરબીના ત્રાજપરમાં યુવાનનો આપઘાત

મોરબીઃ મોરબીના ત્રાજપર ગામે રહેતા રવી લાલજીભાઈ બાંભવા ઉ.વ.૨૬ નામના યુવાને અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ થતા મોરબી બી ડીવીઝનના હેડ કોન્સ, જે.જે.ડાંગર સહીતની સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સીવીલ હોસ્પિટલ ખસેડી આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ છે.આ બનાવથી યુવાનના પરીવારજનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

# રાજકોટમાં ગુલિયા ગેંગે રિયલ એસ્ટેટના ધંધાર્થી પર હુમલો કરી હાથ-પગ ભાંગ્યા

### ચુંટણીમાં કાયદો વ્યવસ્થા સચવાઈ પછી ગુંડાગીરી ફરીથી વકરી

**રાજકોટ,**
રાજકોટમાં ચુંટણીમાં કાયદો વ્યવસ્થા સચવાયા પછી ડીજીપી તરફથી સીપીને અભીનંદન મળ્યા છે. અને રાજકોટ પોલીસ રીલેકશન મોડમાં આવી ગઈ છે. ત્યાં ગુંડાઓએ ફરી માથું ઉચકયું છે. અને બિહારવાળી કરી છે. રાજકોટમાં કુખ્યાત ગુલીયા અને તેના ભાઈના ત્રણ સાગરીતોએ ભગવતીપરામાં રીયલ એસ્ટેટના ધંધાર્થીને દોડાવી દોડાવી લાકડી-પાઈપથી મારામારી ધમકી આપી હતી. આ સાથે યુવકના હાથ-પગ ભાંગી નાખ્યા હતાં. બનાવ અંગે બી.ડીવીઝન પોલીસે ગુનો નોધી આરોપીની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે રાજકોટમાં ભગવતીપરા મેઈન રોડ પર આવેલા અયોધ્યા પાર્ક શેરી નં.૦૨ માં રહેતા મોઈનભાઈ અનવરભાઈ જુણેજા ઉ.૨૭ એ નોધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સલીમશા હનીફશા શાહમદાર, સદામ હનીફશા શાહમદાર, સાવન મીઠા પરમાર, ગુલમહમદ ઉર્ફે ગુલીયો ઈબ્રાહીમ મોડ અને નાસીર ઈબ્રાહીમ મોડ રહે. તમમ ભગવતીપરા સામે ફરીયાદ નોધાવી હતી. ફરીયાદીએ જણાવયું હતું કે તેઓ જમીન-મકાન લે વેચનો ધંધો કરે છે. તેમજ સુખસાગર હોલ પાસે ઓફીસ આવેલી છે. ગઈ રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ તે ઓફીસે હતો અને ત્યાંથી ઘરે જવા નીકળ્યયો ત્યારે પાછળથી અચાનક સલીમશા શામદાર, સદામ શામદાર પરમાર લાકડી પાઈપ લઈ ધસી આવ્યા હતા. અને તે કઈ પણ બોલે તે પહેલા તરત જ તેના પર લાકડી-પાઈપો વડે હુમલો કરી મને આડેધડ શરીર માર મારવા લાગ્યા હતા. આથી બચવા માટે પોતે ભાગવા લાગતા ત્રણેય શખ્સો પણ તેની પાછળ દોડયા હતા. જેથી તે સુખસાગર હોલ પાસેની ગલીમાં પહોચતા ત્રણેય શખ્સોએ પાછળ આવી લાકડી અને પાઈપો વડે ફટકારતા તે ગલીમાં પડી ગયેલા અને આરોપી બંને પગમાં અને બંને હાથમાં આડેધડ પાઈપ અનો લાકડીનાં ઘા મારવા લાગ્યા હતા. હુમલામાં બંને પગમાં ગોઠણથઉી નીચેના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. વધુમં ઈજાગ્રસ્ત કારણ અંગે જણાવ્યં હતુંકે પાંચેક મહીના પહેલાં ભગવતીપરામાં રહેતા ગુલમહમંદ ઉર્ફે ગુલીયયો મોડનો પુત્ર આફતા ઉર્ફે કારીયો અને મહંમદ હુશેન પઠાણ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થઈ હતો. જેથી આ ગુલામંદ ઉર્ફે ગુલીયયો મહંમદ પઠાણને માર મારતો હતો. ત્યારે તેઓની ભાઈ માહીદ જુણેજાને મહંમદ હુશેનનો મીત્ર હોવાથી તેને સપોર્ટમાં આવતા ત્યારથી આરપીઓ વિરોધી થઈ ગયા અને તે બાદ ચારે માસ અગાઉ ગુલીયો અને તેનો નાનો ભાઈ નાસીર મોડ બંનેએ દુકાને આવી ગાળો આપી ધમકી આપી હતી.

# ભાવનગર સર ટી. હોસ્પિ.ના બેડના ગાદલાંમાંથી રૂ ગાયબ !

**તંત્રની બેદરકારી સર. ટી. હોસ્પિટલના દર્દીઓને જૂના ગાદલાં પાથરવામાં આવે છે, નવા ગાદલાં સ્ટોરમાં ધુળ ખાય છે**

**ભાવનગર,**
સીવીલ હોસ્પીટલ તંત્રના ઉચ્ચ અધિકારીના મનઘડત નિર્ણય અથવા તો કાર્ય કરવાની ઢબને કારણે અવારનવાર સિવીલ હોસ્પિટલ વિવાદમાં આવતી હોયય છે. ત્યારે હાલ સીવીલમાં એક નવો જજ સળગતો પ્રશ્ન ઉભો થયોછે. અને આ પ્રશ્ન પ્રત્યક્ષ રીતે દર્દીને સ્પર્ષે છે. હાલની વાત કરી એ તો સીવીલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરની ઉપર બીજા માળે ઓથોપેડીક મેડીસીન વોર્ડ જેમાં એમએમ૧૨ તેમજ ૭થી ફલોર એમયુએ વોર્ડ આવેલા છે. આ વોર્ડમાં રાખવામાં આવેલા બેડ ઉપર ગાદલાં રાખવામાં આવ્યા છે. અને તેમાં દર્દીઓને સારવાર અપાય છે. હાલની સ્થિતીએ મોટાભાગના ગાદલામાંથી રૂ ગાયબ થઈ ગયું છે. તેમજ ઘણાખરા ગાદલાં સડી ગયા છે. ગાદલાંમાં રૂ નહીં હોવાને કારણે દર્દીને લોખંડના બેડ ઉપરના સળીયા પીઠ પાછળ વાગતા હોવાથી દર્દીઓની તકલીફ કફોડી બની છે.

સ્ટોર રૂમમાં પુરતો સ્ટાફ હોવા છતાં પણ દર્દીઓને નવા ગાદલા કેમ દર્દીઓને પાથરવામાં નથી આવતા ? તે એક મોટો પ્રશ્ન ઉભો થયો છે. ગાદલો એટલાં જુનાં છે કે તેમાંથી ગંદી વાસ આવવાથી દર્દી સાજો થવાને બદલે વધુ બીમાર પડે તેવી સ્થિતી ઉભી થવા પામી છે. સુત્રોએ જણાવ્યું હતુંકે એમએમ૧૨ વોર્ડ પહેલા જુની બિલ્ડીગમાં બીજામાળે હતો પરંતુ બે વર્ષ અગાઉ વોર્ડ બદલાવીને ટ્રોમા સેન્ટરના બીજા માળે ખસેડાયો છે. જયાં પુરતી જગ્યા ન હોવાથી નવા ગાદલાઓ જુની બિલ્ડીગમા રાખવામાં આવે છે. પરંતુ સમયાંતરે રજુઆત કરવા છતાં પણ સમયસર નવા ગાદલાં મળી શકતા ન હોવાથી દર્દીઓને જુના ગાદલાંમાં જ સુવું પડે છે. ૩ વોર્ડ વચ્ચે એક સીકયુરીટી ગાર્ડ છે. તેથી જરૂરી ચેકીગ નહી થતું હોવાથી દર્દીઓના સંબંધીઓ કેટલીક વસ્તુઓ ચોરીના બનાવો બને છે.

### જામનગરમાં ૪૦૦ વર્ષ જુનાં

# શ્રીકૃષ્ણ ખિજડા મંદિરનું રાજસ્થાનના લાલ-ગુલાબી પથ્થરોથી પુનરોદ્ધાર થશે

**મંદિરના ભૂમિપુજનમાં જામસાહેબ શત્રુશલ્યસિંહ હાજરી આપશે**

**જામનગર,**
જામનગરના હવાઈચોક ખાતે આવેલા સુપ્રસિદ્ધ શ્રીકૃષ્ણ પ્રણામી સંપ્રદાયના ખીજડા મંદીરને બન્યે ૩૯૫ વર્ષ પુરા થઈ ગયાં છે. તે મંદીર ભુકંપ પછી નબળું પડી ગયું હોવાથી અને તે અંગેના એન્જીનીયરીગ રીપોર્ટ પણ નબળા આવતા ૨૦૦૯માં અંશતઃ રીનોવેટ કરવામાં આવ્યું હતું. પરંતુ સમયયની માગની સાથે ખીજડાનો ઝાડને સલામત રાખીને નવા મંદીરની ડીઝાઈનમાં પણ તેનો સમાવેશ કરી નવા મંદીરનાં નિર્માણના કાર્ય માટે પુજા પાઠ સાથે શીલા મુકી પ્રારંભ થનાર છે. ભુમીપુજન કાર્યક્રમમાં જામનગરના રાજવી જામસાહેબ શત્રુશલ્યસિંહ તેની નાદુરસ્ત તબીયત હોવા છતાં પણ હાજરી આપશે.

આ ધર્મમય કાર્યક્રમ માટે આયોજીત પત્રકાર પરીષદમાં પ્રણામી સંપ્રદાયના વડા અને જામનગર સ્થિત મુખ્ય મંદીરના આચાર્ય શ્રીકૃષ્ણમણી મહારાજે જણાવયું હતુ કે, મંદીર રાજસ્થાનના લાલ અને ગુલાબી પથ્થરોથી બનાવવામાં આવનાર છે. તે નાગરશૈલીનું બનશે અને તેની અંદર કૃષ્ણ રાસલીલા સહીત ભવ્ય મૂર્તિઓ કંડારવામાં આવશે.

આ મંદીરની ડિઝાઈન બનાવવામાં સોમપુરા બંધુઓ સહીત અનેક લોકોની મદદ લેવામાં આવી છે. મંદીર આવનાર એક હજાર વર્ષ સુધી તેનું કશું જ ન થાય તેવા માળખા સાથે બનાવવામાં આવશે. મંદીરની અંદર કિલયન્થમાં જ ૫૦ હજાર ટન જેટલો પથ્થર રેતી ચુનો વગેરે વપરાશ જયારે સમગ્ર મંદીરના નિર્માણ પાછળ દોઢ લાખ ટન પથ્થરનો ઉપયયોગ થનાર છે. આ મંદીરને પૂર્ણ થતાં અઢીથી ત્રણ વર્ષ જેટલો સમયગાળો લાગશે.

# ઝઘડિયા તાલુકાના સરકારી આરોગ્ય કેન્દ્રોમાં ટીબી ની દવાઓની અછતથી દર્દીઓને હાલાકી

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના સરકારી આરોગ્ય કેન્દ્રોમાં હાલ ટીબી ની દવાઓની અછત હોવાનું જાણવા મળ્યું છે. મળતી વિગતો અનુસાર તાલુકાના આરોગ્ય કેન્દ્રો માં હાલ ટીબી ની દવાઓ ઉપલબ્ધ નથી તેથી હાલ ટીબી ની સારવાર લેતા ટીબીના એક્ટિવ દર્દીઓને તકલીફ ભોગવવી પડતી હોવાની વિગતો સામે આવી છે. તાલુકાના કેટલાક આરોગ્ય કેન્દ્રોમાં એક મહિના જેટલા સમયથી જ્યારે કેટલાકમાં દસેક દિવસના સમયથી ટીબી ની દવાઓની અછત સર્જાઈ છે. સામાન્યરીતે ટીબીની બિમારીવાળા દર્દીઓ મોટાભાગે સરકારી આરોગ્ય કેન્દ્રોમાં સારવાર લેતા હોય છે, અને ટીબી ના દર્દીઓએ સારવાર માટે દવાનો છ મહિનાનો કોર્સ કરવાનો હોય છે. ઝઘડિયા તાલુકા સહિત ભરૂચ જિલ્લાના કેટલાક આરોગ્ય કેન્દ્રોમાં પણ હાલ ટીબી ની દવાઓ ઉપલબ્ધ નહિ હોવાની વિગતો જાણવા મળી છે, ત્યારે ટીબીની નિયમિત સારવાર લેતા દર્દીઓએ હાલ સરકારી દવાઓના અભાવે ખાનગી રાહે ટીબી ની દવાઓ ખરીદવી પડતી હોવાનું પણ જાણવા મળ્યું છે. ઉલ્લેખનીય છેકે ટીબી એટલેકે ક્ષયરોગ શ્વસનતંત્ર ફેફસાનો રોગ ગણાય છે. આધુનિક સમયમાં ટીબીનો રોગ અસાધ્ય રહ્યો નથી, આ રોગ તેની નિયમિત સારવાર રેગ્યુલર દવાનો કોર્સ તેમજ પોષણક્ષમ ખોરાકથી સંપૂર્ણપણે મટી શકે છે. ઝઘડિયા તાલુકાના બે સામુહિક આરોગ્ય કેન્દ્રો અને અન્ય પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં નોધાયેલ ટીબીના દર્દીઓને જેતે આરોગ્ય કેન્દ્રો દ્વારા નિયમિત સારવાર રૂપે ગોળીઓ અપાતી હોય છે, જોકે હાલમાં તાલુકાના આરોગ્ય કેન્દ્રોમાં ટીબી ની દવાઓની ઉભી થયેલી અછતને પગલે ટીબીની સારવાર લેતા દર્દીઓ મુશ્કેલીમાં મુકાયા છે અને સરકારી દવાઓની ઉભી થયેલ અછતને પગલે ખાનગી રાહે ગોળીઓ ખરીદીને સારવાર લઈ રહ્યા હોવાની વિગતો જાણવા મળી છે ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગ તાકીદે ઝઘડિયા તાલુકાના આરોગ્ય કેન્દ્રોમાં ટીબી ની દવા ઉપલબ્ધ બનાવવા અસરકારક પગલા ભરે તે જરૂરી બન્યું છે.

ઝઘડિયા તાલુકામાં સેકંડો ટીબીના દર્દીઓ ની દવા ચાલી રહી છે : ઝઘડિયા તાલુકાના એક પણ સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ટીબીની દવા ઉપલબ્ધ નથી, જુન ૨૦૨૩ ના આંકડા મુજબ ઝઘડિયા તાલુકામાં આશરે ૨૫૧ જેટલા ટીબીના દર્દીઓ નોંધાયેલા છે અને તેની દવાઓ ચાલુ છે આ ઉપરાંત નેત્રંગ તાલુકામાં ૨૦૬ ટીબીના દર્દીઓ અને ભરૂચ જિલ્લાની વાત કરીએ તો ૨૩૦૫ જેટલા ટીબીના દર્દીઓ ની સારવાર ચાલે છે આવા સંજોગોમાં ટીબી ની દવા જ સરકાર પાસે નહીં હોય ખૂબ ગંભીર સમસ્યા ઉપસ્થિત થઈ છે.

# ખેડબ્રહ્મા તથા પોશીના પંથકમાં અખાત્રીજના દિવસે હળોતરા કરાયા



**(પ્રતિનિધિ) ખેડબ્રહ્મા,**
ખેડબ્રહ્મા, વડાલી તથા પોશીના પંથકમાં આજના અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજના પાવન દિવસે લોકોએ નવા ધંધા રોજગાર અને ખેતીનો શુભારંભ કર્યો. હિન્દુ શાસ્ત્ર અનુસાર અખાત્રીજના દિવસને વણ જોયા મુહૂર્ત નો શુભ દિવસ ગણાય છે. આજના દિવસે લોકો સવારે વહેલા ઉઠી સ્નાનવિધિ કરીશ સ્વચ્છ વસ્ત્રો ધારણ કરી ગંગાજળ હાથમાં લઈ વ્રતનું સંકલ્પ કરી લેતા હોય છે અને ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીની મૂર્તિ કે તસવીરની સ્થાપના કરી તેની પૂજા અર્ચના કરતા હોય છે. આજના દિવસે ખેડૂતો પણ કુટુંબ સહ ખેતરમાં જઈ અને પૂજા અર્ચના કરતા હોય છે. અને આજથી હળોતરા કરી ખેતીની શુભ શરૂઆત કરતા હોય છે. હવે સમયની સાથે બળદોની અછત થતાં હળ અને બળદની જગ્યાએ ખેડૂતો ટ્રેક્ટર ની પૂજા વિધિ કરતા હોય છે.







અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર શુક્રવારે ચેન્નાઈ સુપર કિંગ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે આઈપીએલની મેચ રમાઈ હતી. આ મેચ નિહાળવા ક્રિકેટ રસિયાઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. પ્રથમ તસવીરમાં સ્ટેડિયમમાં ખેલાડીઓનો જુસ્સો વધારતા ક્રિકેટ પ્રેમીઓ અને બીજી તસવીરમાં ગુજરાત ટાઇટન્સનો ઓપનર સાંઈ સુદર્શન નજરે પડે છે. (તસવીર:જયેશ મોદી)

# ચૂંટણી પૂરી થતાં જ દમણમાં ભાજપના નેતાની કરપીણ હત્યા

**(એજન્સી)દમણ,**
રાજ્યના પડોશમાં આવેલા દમણમાં ભાજપના નેતાની હત્યાની ઘટના પ્રકાશમાં આવી છે. વિકી હરી ટંડેલ ઉર્ફે વિકી કાશી નામના યુવકની તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી હત્યાની ઘટના બનતા જ ચકચાર મચી ગઈ હતી. તાજેતરમાં જ લોકસભાની ચૂંટણી પૂર્ણ થતા જ અચાનક જ દમણ જિલ્લા ભાજપ ઉપપ્રમુખની હત્યા થઈ જતા નાનકડા સંઘ પ્રદેશમાં સનસની વ્યાપી ગઈ હતી. દમણ પોલીસે આ મામલે તપાસ હાથ ધરતા ગણતરીના સમયમાં જ પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. દમણના બોરાજીવા શેરીમાં રહેતા વિકી હરી ટંડેલ ઉર્ફે વીકી કાશી નામના એક યુવકની હત્યા નો બનાવ પ્રકાશમાં આવ્યો છે. મૃતક ઘરમાં હથિયાર સાથે એક બુકાનીધારી એ ઘૂસી અને વીકી પર જીવલેણ હુમલો કર્યો હતો. જેમાં વિકી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હતો. અચાનક બનેલા બનાવથી સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી. પરિવારજનોએ વિકીને તાત્કાલિક હોસ્પિટલ ખસેડયો હતો. જોકે તબીબો એ મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતા જ દમણ પોલીસ એ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી.પ્રાથમિક તપાસમાં મૃતક વિકી કાશી દમણ જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ હતાં. આમ ભાજપના યુવા નેતાની હત્યાને કારણે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. લોકસભાની ચૂંટણી પૂરી થયાના ગણતરીના દિવસોમાં જ ભાજપના નેતાની હત્યાને કારણે સનસની મચી ગઈ હતી. જાણ થતાં જ દમણ પોલીસ નો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યો હતો અને મૃતકના હત્યારાને શોધવા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# શેલા-બોપલમાં ગટર પાઈપલાઈનનું કામ પૂરુ ન થતા સ્થાનિકોને હાલાકી

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદના શેલા અને બોપલ વિસ્તારમાં છેલ્લા ૬ મહિનાથી ગટરનું કામ ચાલી રહ્યુ છે. જેના પગલે રોડ - રસ્તાઓની હાલત કફોડી થઈ છે.
રોડ ખરાબ થતા સ્થાનિકોને હાલાકીનો સામનો કરવો પડે છે. અમદાવાદના શેલા અને બોપલ વિસ્તારમાં છેલ્લા ૬ મહિનાથી ગટરનું કામ ચાલી રહ્યુ છે. જેના પગલે રોડ – રસ્તાઓની હાલત કફોડી થઈ છે. રોડ ખરાબ થતા સ્થાનિકોને હાલાકીનો સામનો કરવો પડે છે. જો વહેલી તકે ગટરનું કામ પુરુ કરવામાં નહીં આવે તો આગામી સમયમાં સમસ્યામાં વધારો થવાની સંભાવના છે. ગટરના કામ કાજને લઈને રોડ પર ઠેર – ઠેર ખાડા કરવામાં આવ્યા છે. જો આ ગટરની પાઈપ લાઈનનું કામ ઝડપથી પુરુ નહી કરવામાં આવે તો ચોમાસામાં પાણી ભરાવાની સંભાવના છે. ખાડા એટલા મોટા છે કે અકસ્માતનો ડર સતત સ્થાનિકોમાં જોવા મળી રહ્યો છે. એટલુ જ અંધારામાં જો ખાડો ના દેખાય તો કોઈ વ્યક્તિ ક્યારે ખાડામાં પડી જાય તેની ખબર ન પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. બીજી તરફ શેલા ખાતે આવેલી મોનાર્કસીટી – ૨ની ગટર ચોકઅપ થઈ જતા ગટરનું પાણી બહાર આવી રહ્યુ છે. ગટરનું પાણી મોનાર્ક સીટી -૨ ના રહીશોએ અનેક વાર રજૂઆત કરવા છતા પણ આ સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. જેનો ઉકેલ વહેલી તકે આવે તેવી માગ કરવામાં આવી છે.

# હિન્દુવાદી નેતાઓને ધમકી આપનાર મૌલવીનો વીડિયો સામે આવ્યો

**(એજન્સી)સુરત,**
સુરતમાં રહેતા સનાતન સંઘના અધ્યક્ષને મારી નાખવાની ધમકી આપનાર તેમજ દેશના બધા જ હિન્દુ નેતાઓને મારી નાખવા પાકિસ્તાન અને નેપાળના બે વ્યક્તિ સાથે વર્ચ્યુઅલ નંબર મારફતે સંપર્કમાં રહી કાવતરું ઘડનાર કામરેજના કઠોર ગામના કટ્ટરવાદી મૌલવીને સુરત ક્રાઈમ બ્રાન્ચે ભરીમાતા ફૂલવાડી રોડ ખાતેથી ઝડપી લીધો હતો.મૌલવી છેલ્લા દોઢ વર્ષથી પાકિસ્તાન અને નેપાળના બે વ્યક્તિ ઉપરાંત અન્ય લોકો સાથે સંપર્કમાં રહી ભારતના રાષ્ટ્રધ્વજ, હિન્દુ ધર્મ અને દેવીદેવતાઓ અંગે અભદ્ર ટીપ્પણી કરી કટ્ટરવાદી વિચારધારાને ફેલાવતો હતો. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ મળેલી બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે ચોકબજાર ભરીમાતા ફૂલવાડી ખાડી રોડ આઈસરા એપાર્ટમેન્ટ પાસેથી સોહેલ ઉર્ફે મૌલવી અબુબકરને ઝડપી પાડી તેની પાસેથી મોબાઈલ ફોન કબ્જે કર્યો હતો. કઠોર ગામના મદ્રેસામાં હાફિઝ અને આલીમ સોહેલ કઠોર અને અંબોલી ગામમાં મુસ્લિમ બાળકોને ઈસ્લામ ધર્મ અંગેનું ખાનગી ટ્યુશન આપે છે.તેમજ લસકાણા ડાયમંડનગર ખાતે ધાગા ફેક્ટરીમાં મેનેજર તરીકે નોકરી પણ કરે છે.ક્રાઈમ બ્રાન્ચે તેની પુછપરછ કરતા તેમજ તેના મોબાઈલ ફોનની તપાસ કરતા જાણવા મળ્યું હતું કે તે છેલ્લા દોઢ વર્ષથી પાકિસ્તાનના ડોગર અને નેપાળના શેહનાઝ સાથે સંપર્કમાં રહી દેશના હિન્દુવાદી નેતાઓને મારી નાખવાની યોજના બનાવતો હતો.આ દરમિયાન મૌલવાની એક વાયરલ વીડિયો સામે આમે આવ્યો છે. જેમાં તેનો પાકિસ્તાન પ્રેમ અને ઉપદેશ રાણાને જાનથી મારી નાંખવાની ધમકી આપતો જોવા મળે છે.

# ગુજરાત ન્યુઝ અપડેટ્સ

## પત્ની ઉપર ભાણેજ અને મિત્રો સાથે પતિએ આચર્યુ દુષ્કર્મ

**(એજન્સી)રાજકોટ,**
રાજકોટ શહેરમાં પતિ અને પત્નીના સંબંધો પર લાંછન લગાવતો કિસ્સો સામે આવ્યો છે. મહિલાનો પતિ એટલો બધો ક્રૂર અને હેવાન નીકળ્યો. પતિએ પોતાના ભાણેજ અને મિત્રો સાથે પત્ની પર દુષ્કર્મ આચર્યું. અને પત્નીને માર મારીને તેનો વીડિયો પણ બનાવ્યો. પત્નીએ પતિ સહિત ત્રણ વ્યક્તિઓ સામે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. મહિલાને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.મહિલાના પતિનું આ વર્તન હેવાનિયત અને માનસિક પછાતપણું બતાવે છે. જે પોતાની પત્ની જોડે આટલી હદે ક્રૂર વર્તન કરે છે. રાજકોટમાં એક પતિ પોતાની જ પત્નીને શારીરિક ત્રાસ આપવા ઉપરાંત ભાણેજ અને મિત્રો સાથે મળી દુષ્કર્મ આચરે છે. આ કિસ્સો સમાજ માટે કલંકિત છે. અગાઉ પણ રાજકોટમાં પતિ, સાસુ અને સસરાએ પુત્રવધુનો પોર્ન વીડિયો બનાવી વેબસાઈટ પર મૂક્યો હતો. આ કિસ્સામાં પુત્રવધુને ૧૦થી વધુ વખત ઓનલાઈન સેક્સ કરાવ્યાનું આવ્યું હતું. આ મામલે ત્રણેય સામે ફરિયાદ કરતા ધરપકડ કરવામાં આવી હતી. રાજકોટમાં મહિલાએ પતિએ કરેલા અત્યાચાર સામે વિરોધ ઉઠાવવાનો અવાજ ઉઠાવ્યો હતો. પત્નીએ પતિની આ હેવાનિયતને પોલીસમાં ફરિયાદ કરી હતી.

## રાજકોટ હનીટ્રેપમાં ફસાયેલા યુવકે આપઘાત કરી લીધો

**(એજન્સી)રાજકોટ,**
રાજકોટ હનીટ્રેપમાં ફસાયેલા યુવકે આપઘાત કર્યો. આ યુવકે આપઘાત કરતી વખતે વીડિયો બનાવી સ્ટેટસમાં મૂક્યો અને નદીમાં ઝંપલાવ્યું. યુવકનું નામ અજય ચૌહાણ હોવાનું સામે આવ્યું છે. પોલીસે આ કેસની તપાસ હાથ ધરી છે. શહેરમાં અજય ચૌહાણ નામના યુવકે હની ટ્રેપમાં ફસાયો હોવાનું માલુમ પડતા જીવન ટૂંકાવ્યું. યુવકે મરતી વખતે વીડિયો બનાવી સ્ટેટસમાં મૂકી નદીમાં ઝંપલાવ્યું. પ્રાથમિક તપાસમાં યુવકની આત્મહત્યા માટે છ યુવાન-યુવતી જવાબદાર હોવાનું સામે આવ્યું છે. આત્મહત્યા કરતા પહેલા યુવાને વિડીયોમાં કેટલાક લોકો વિરુદ્ધ ગંભીર આક્ષેપો કર્યા છે. નદીમાં ઝંપલાવનાર યુવકની આત્મહત્યા મામલે મેટોડા પોલીસે તપાસ હાથ ધરી છે.

## ઈવીએમ સ્ટ્રોંગરૂમના સીસીટીવી સ્ક્રીન પર નજર વડે કોંગ્રેસનો ચોકી પહેરો

**(એજન્સી)ડીસા,**
બનાસકાંઠા લોકસભા બેઠકના ઈવીએમ જ્યાં રાખવામાં આવ્યા છે, એ સ્થળ પર કોંગ્રેસના કાર્યકરો દ્વારા નજર રાખવામાં આવી છે. ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ મશીન રાખ્યા બાદ સીસીટીવી કેમેરા રાખ્યા છે. જેની સ્ક્રીન પણ જાહેરમાં રાખવામાં આવી છે. જેની પર સતત નજર રાખવામાં આવી રહી છે. આ માટે કોંગ્રેસના કાર્યકરો રાઉન્ડ ધ ક્લોક નજર રાખી રહ્યા છે. લોકસભાની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ ચુકી છે. હવે સૌ કોઈ ૪ જૂનની રાહ જોઈ રહ્યા છે. ૪ જૂને મતગણતરી હાથ ધરાનારી છે. આમ ઈવીએમમાં તમામ ઉમેદવારોના ભાવી સીલ થયા બાદ હવે પરીણામ આવે ત્યાં સુધી રાહ જોવામાં આવી રહી છે. આ દરમિયાન બનાસકાંઠા લોકસભા બેઠકના ઈવીએમ જ્યાં રાખવામાં આવ્યા છે, એ સ્થળ પર કોંગ્રેસના કાર્યકરો દ્વારા નજર રાખવામાં આવી છે. ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ મશીન રાખ્યા બાદ સીસીટીવી કેમેરા રાખ્યા છે. જેની સ્ક્રીન પણ જાહેરમાં રાખવામાં આવી છે.

# રાજ્યની ૨૫ આંગડિયા પેઢી પરની તપાસમાં ઈડીની પણ એન્ટ્રી

**(એજન્સી)ગાંધીનગર,**
રાજ્યભરમાં ૨૫ જેટલી જાણીતી આંગડિયા પેઢીઓમાં ગઈકાલે પાડવામાં આવેલા દરોડામાં તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો ખુલી છે. જેમાં આઈપીએલ મેચ ઉપરના સત્તામાં તથા ઓનલાઈન ગેમીંગના નાણાં દુબઈ ટ્રાન્સફર કરાયા હોવાનું મનાઈ રહ્યું છે. જેના પગલે હવે ઈડી પણ આ તપાસમાં જોડાઈ છે. જેના પગલે અન્ય આંગડિયા પેઢીઓમાં ફફડાટ ફેલાયો છે. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ રાજ્યભરમાંથી ૨૫ આંગડિયા પેઢી પર ઈન્કમટેક્સ વિભાગની ટીમોને સાથે રાખીને દરોડા પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. મની લોન્ડરિંગ, હવાલાના પૈસા સહિતના શંકાસ્પદ નાણાંકીય વ્યવહારોને ધ્યાને લઈને કામગીરી કરવામાં આવી રહી છે. સીઆઈડી ક્રાઈમના ૪૦ કમીઓ દરોડાની કામગીરીમાં જોડાયા છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર સહિત અન્ય જગ્યાઓ પર દરોડા પાડવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં અમદાવાદમાં રૂ.૧૨.૫ કરોડના બેનામી વ્યવહાર મળી આવ્યા છે અને ખૂબ મોટી માત્રામાં નક્કર સોનું પણ હાથ લાગ્યું છે. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમના સીઆઈ સેલ વિભાગમાં થોડા દિવસ અગાઉ આંગડિયા પેઢીનો ડુપ્લિકેટ એકાઉન્ટનો કેસ દાખલ કરાયો હતો. જેમાં કેટલાક શંકાસ્પદની પૂછપરછમાં બેનામી નાણાંકીય લેવડદેવડની આખી ચેઈન સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરના ઈન્ચાર્જ આઈ.જી. ચૈતન્ય મંડલીકના ધ્યાને આવતા વધુ તપાસ કરતાં રાજ્યની ૨૫ આંગડિયા પેઢીના નામે સામે આવ્યા હતા. જેમાં ચોક્કસ આંગડિયા પેઢી મારફતે દુબઈમાં હવાલા પાડવામાં આવ્યા હોવાનું તપાસમાં જણાયું હતું.

# ૧૪૧ જળાશયોમાં માત્ર ૨૦.૪૦ ટકા પાણી, ડેમોના તળીયા દેખાયા

**(એજન્સી)અમદાવાદ,**
ગુજરાતમાં કાળઝાળ ગરમી વચ્ચે રાજ્યનાં જળાશયોમાં પાણીનાં સ્તરમાં મોટા પ્રમાણમાં ઘટાડો થયો છે. સૌરાષ્ટ્ર- કચ્છ અને ઉત્તર ગુજરાતમાં પાણીનાં સ્તરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાવા પામ્યો છે. હવે રાજ્યના ૨૦૭ જળાશયોમાં માત્ર ૪૪.૪૨ ટકા પાણીનો જથ્થો જ ઉપલબ્ધ રહ્યો છે.

ભરઉનાળે રાજ્યના જળાશયોના તળિયા દેખાયા છે. સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં માત્ર ૨૦.૪૦ ટકા પાણી રહ્યો છે તો કચ્છના ૨૦ જળાશયોમાં ૩૩ ટકા પાણી બચ્યું છે.ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૦.૯૮ ટકા પાણી જ રહ્યું છે. તો દક્ષિણ ગુજરાતની વાત કરીએ તો ૧૩ જળાશયોમાં ૪૩.૭૭ ટકા પાણી રહ્યું છે. સરદાર સરોવર ડેમમાં ૫૩.૪૨ ટકા પાણી રહ્યું છે. રાજ્યના ૨૦૭ જળાશયોની વાત કરીએ તો માત્રને માત્ર ૪૪.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ રહ્યો છે. જે આંકડો રાજ્યવાસીઓ માટે ચિંતાજનક છે. ૨૪ એપ્રિલના રોજ બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ સરદાર સરોવર નર્મદા ડેમમાં ૫૦.૩૩ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હતો. સૌરાષ્ટ્રનાં ૧૪૧ જળાશયોમાં માત્ર ૨૫ ટકા પાણી ઉપલબ્ધ હતો, જે હવે ૨૦.૪૦ ટકા જ રહ્યો છે. ઉત્તર ગુજરાતનાં ૧૫ જળાશયોમાં ૩૪.૧૩ ટકા પાણી ઉપલબ્ધ હતો. જ્યારે કચ્છમાં ૨૦ જળાશયોમાં ૩૮ ટકા પાણી હતો. દક્ષિણ ગુજરાતનાં ૧૩ જળાશયોમાં ૫૨ ટકા તેમજ મધ્ય ગુજરાતનાં ૧૭ જળાશયોમાં ૫૩ ટકા પાણીનો જથ્થો હતો. ઉનાળો શરૂ થતાની સાથે જ રાજ્યમાં સિંચાઈનાં પાણીને લઈ ખેડૂતોની ચિંતા વધી છે. ત્યારે પીવાનાં પાણીની સ્થિતિ પહોંચી વળવા માટે તેમજ સિંચાઈ માટે પાણીની અછત સર્જાવાની શક્યતા છે. ખેડા, સુરત, અમરેલી, બોટાદ, જામનગરના વિસ્તારમાં સિંચાઈ માટે પાણીની તંગી સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જ્યારે દ્વારકા, પોરબંદર, સુરેન્દ્રનગરના જળાશયોમાં તળીયા દેખાયા છે. તેમજ અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠાનાં જળાશયોમાં પાણીનું સ્તર ઘટ્યું છે.

# રથયાત્રાનું કાઉન્ટડાઉન શરૂ થયું અખાત્રીજે કરાઇ ત્રણેય રથની પૂજા

**(એજન્સી)અમદાવાદ,**
ભગવાન જગન્નાથની ૧૪૭મી રથ યાત્રાની તૈયારી શરૂ કરવામાં આવી છે. અમદાવાદ જગન્નાથ મંદિર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. અખાત્રીજના પવિત્ર દિવસે રથની પૂજા કરવામાં આવી છે. ત્રણેય રથ ભગવાન જગન્નાથનાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના વિશેષ શણગાર કરવામાં આવ્યો. ફૂલોથી રથને શણગાર કરવામાં આવ્યો છે. ત્રણે રથની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી છે. મંત્રોચાર સાથે વિધિ કરવામાં આવી છે અને રથની આરતી કરવામાં આવી છે. આજે રથની પૂજા જગન્નાથ મંદિરના મહંત અને ટ્રસ્ટી મહેન્દ્ર ઝા દ્વારા કરવામાં આવી છે. મેયર, ધારાસભ્ય અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા ભગવાન જગન્નાથ રથયાત્રા નીકળે તે પહેલાં અને રથનું સમારકામ કરવામાં આવતું હોય છે તે સમારકામની શરૂઆત અખાત્રીજના દિવસે થી કરવામાં આવે છે ભગવાન જ્યારે રથયાત્રા નીકળે છે ત્યારે રથ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર હોય છે રથ ના કલર આકર્ષક કેન્દ્ર બનતું હોય છે. રથના પૈડાં સહિતનું સમારકામ કરવામાં આવે છે.

# આજે ધો.૧૦નું પરિણામ જાહેર કરાશે

**(પ્રતિનિધી)અમદાવાદ,**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, માર્ચ- ૨૦૨૪ માં યોજાયેલ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા ધોરણ- ૧૦ (એસ.એસ.સી) અને સંસ્કૃત પ્રથમા પરીક્ષાનું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.rog પર તારીખઃ ૧૧/૦૫/૨૦૨૪ ના રોજ સવારના ૦૮:૦૦ કલાકે જાહેર કરવામાં આવશે.

વિદ્યાર્થીઓ તેઓનું પરિણામ પરીક્ષાનો બેઠક ક્રમાંક ભરીને મેળવી શકશે. વિદ્યાર્થીઓ WhatsApp Number ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્રક અને S.R. નકલ શાળાવાર મોકલવા અંગેની વિગતવાર સૂચનાઓ હવે પછીથી કરવામાં આવશે.

પરીક્ષા બાદ ગુણચકાસણી અને દફતર ચકાસણીની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે. ગુણચકાસણીની અરજી ઓનલાઈન કરવાની રહેશે. પરિણામ બાદ નામ સુધારાની દરખાસ્ત નિયત નમૂનામાં કરવાની રહેશે. પૂરક પરીક્ષા- ૨૦૨૪ ની પાત્રતા ધરાવતા ઉમેદવારોની યાદી શાળાઓને પરિણામ સાથે મોકલી આપવામાં આવશે તથા પૂરક પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઈન ભરવાની સૂચના હવે પછીથી આપવામાં આવશે. જેની શાળાના આચાર્યઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

# અમદાવાદ-દિલ્હીની સ્કૂલને ધમકી ભર્યા મેઈલ પાકિસ્તાનથી થયા હતા

**(એજન્સી)અમદાવાદ,**
પહેલાં દિલ્હી અને તે પછી અમદાવાદની સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી આપનારા ઈ-મેઈલ મળ્યા બાદ અલગ અલગ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી જેમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ ઈ-મેઈલ પાકિસ્તાનથી કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં ૨૮ જેટલી સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી મળ્યા બાદ પોલીસે કહ્યું હતું કે, આ ઈ-મેઈલ રશિયન ડોમેનથી થયા હતા અને હવે આ ઈ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનું ક્રાઈમ બ્રાન્ચ કહી રહી છે. રશિયાથી પાકિસ્તાનનું કનેકશન સામે આવતા અંતે ક્રાઈમ બ્રાન્ચ સેન્ટ્રલ એજન્સીઓની મદદ લે તેવી શક્યતા છે.

ગુજરાતમાં તાજેતરમાં ચૂંટણીના એક દિવસ પહેલાં શહેરની અલગ અલગ ૨૮ સ્કૂલોને બોમ્બથી ઉડાડી દેવાના ધમકીભર્યા ઈ-મેઈલ આવ્યા હતા. આ ધમકીભર્યા ઈ-મેઈલ વિદેશમાંથી થયા હોવાનું ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું હતું કે તે સમયે રશિયન ડોમેનથી ઈ-મેઈલ થયા હતા.

બીજી તરફ હવે ઈ-મેઈલની તપાસ કરતાં કરતાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને પાકિસ્તાન કનેકશન મળ્યું છે એટલે હવે આ ઈ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનું ક્રાઈમ બ્રાન્ચ જણાવી રહી છે. ઈ-મેઈલકાંડમાં આઈએસઆઈનો હાથ નથી તેવું પણ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ જણાવી રહી છે પરંતુ દિલ્હી અને અમદાવાદની સ્કૂલોમાં મળેલા ઈ-મેઈલ એક જ ડોમેનથી થયા હોવાનો ક્રાઈમ બ્રાન્ચનો દાવો છે. તાજેતરમાં જ દિલ્હીની અનેક સ્કૂલોને બોમ્બ બ્લાસ્ટ કરી ઉડાડી દેવાની ધમકી અપાયા બાદ અમદાવાદની પણ કેટલીક સ્કૂલોને બોમ્બ બ્લાસ્ટ દ્વારા ઉડાવી નાંખવાની ધમકી મળી હતી. ચૂંટણીના એક દિવસ પહેલાં જ ૨૮થી વધુ સ્કૂલોને ધમકી મળતાં પોલીસતંત્ર અને બોમ્બે ડિસ્પોઝલ સ્કવોર્ડ દોડતા થયા હતા અને તપાસ હાથ ધરી હતી.

રશિયન સર્વરમાંથી આ ધમકી આવ્યાનું અનુમાન લગાવાઈ રહ્યું હતું. પરંતુ હવે પાકિસ્તાન કનેકશન ખુલતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે. લોકસભા ચૂંટણી માટે ગુજરાત સહિત અમદાવાદમાં પણ મતદાન યોજાવાનું હતું ત્યારે કેટલીક સ્કૂલોમાં પણ મતદાન મથકો ગોઠવાયા હતા જેના લીધે આવી ધમકીથી પોલીસ તંત્ર દોડતું થઈ ગયું હતું અને લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે.

શહેરમાં આવેલી સ્કૂલોને ધમકીભર્યા ઈ-મેઈલ મળ્યા હતા જેને ગંભીરતાથી લઈ ક્રાઈમ બ્રાન્ચ, સાઇબર ક્રાઈમ, એસઓજી અને અમદાવાદ પોલીસે તાત્કાલિક બીડીડીએસ ચેકિંગ, ડોગ સ્કવોર્ડ દ્વારા સ્કૂલોનું ચેકિંગ હાથ ધર્યું હતું. જો કે, સ્કૂલોમાંથી કોઈ પણ પ્રકારની શંકાસ્પદ કે અન્ય કોઈ વિસ્ફોટક સામગ્રી મળી નહીં આવતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. ક્રાઈમ બ્રાન્ચની વિવિધ ટીમોએ ટેકનિકલ ઈન્વેસ્ટીગેશન દ્વારા તપાસ ચાલુ કરી હતી. અમદાવાદની વિવિધ સ્કૂલોને મળેલા ઈ-મેઈલ અંગે પ્રાથમિક તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, આ ઈ-મેઈલ ખાસ સર્વરથી તૈયાર કરાયેલા ડોમેનથી ડાર્ક વેબની મદદથી મોકલાયા હતા જેથી તેને ટેકનિકલી ટ્રેક કરવામાં લાંબો સમય જાય છે. દિલ્હી અને અમદાવાદમાં આવેલા ધમકીના ઈ-મેઈલ એક જ ડોમેન પરથી આવ્યા હતા.

# શહેરમાં માત્ર બે ઇંચ વરસાદમાં ૬૬ સ્થળે અડધાથી અઢી ફૂટ પાણી ભરાય છે

## ઓઢવ ફાયર સ્ટેશન પાસે ૨ ઇંચ વરસાદમાં ૩૦ ઇંચ પાણી ભરાતા હોવાની સમસ્યા

**( દેવેન્દ્ર શાહ) અમદાવાદ**
અમદાવાદ શહેર પર ચોમાસાની સિઝન શાસક પક્ષ અને વહીવટી તંત્ર માટે અગ્નિ પરીક્ષા ઉપર બની રહે છે શહેરમાં ચોમાસાની સિઝનમાં સામાન્ય વરસાદમાં પણ જળબંબાકાર ની સ્થિતિ બની રહે છે ૨૦૨૩ ના વર્ગ દરમિયાન ચોમાસામાં જે સ્થળે વરસાદી પાણી ભરાયા હતા એવા ૧૪૬ સ્થળ ની યાદી તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવી છે જેમાં ચોકાવનારી બાબત એ સામે આવી છે કે માત્ર બેથી અઢી જ વરસાદમાં જ શહેરમાં ૬૬ સ્થળે અડધાથી અઢી ફૂટ જેટલા પાણી ભરાઈ જાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વરસાદી પાણીનો ઝડપી નીકળતા તે માટે લાઈન નાખવામાં આવી રહી છે પરંતુ આ લાઈન પણ નિષ્ફળ સાબિત થઈ હતી. શહેરમાં ૬૬ એવા સ્પોટ છે કે જ્યાં માત્ર બે ઈંચ જ વરસાદમાં જળબંબાકાર ની સ્થિતિ થઈ જાય છે અને વરસાદી પાણી નીકળવા માટે ૮ થી ૧૦ કલાકનો સમય થાય છે શહેરના દક્ષિણ અને પશ્ચિમ ઝોનમાં આવા સ્પોર્ટ ની સંખ્યા ઘણી વધારે છે દક્ષિણ ઝોનમાં મોટાભાગના સ્પોટ મણીનગર બોર્ડમાં જ આવ્યા છે જ્યારે પશ્ચિમ ઝોનમાં મોટાભાગના વોટર લોગીગ સ્પોર્ટ પાલડી વોર્ડમાં આવ્યા છે આ ઉપરાંત પૂર્વઝોનમાં ઓઢવ ફાયર સ્ટેશન પાસે માત્ર બે જ વરસાદમાં જ અઢી ફૂટ જેટલા પાણી ભરાતા હોવાનો સ્વીકાર કુદત તંત્ર જ કરી રહ્યો છે તદુપરાંત કાળીગામ ગરનાળા અને કુબેરનગર ગરનાળાની પરિસ્થિતિ પણ વિકટ છે.

| વોર્ડ | સ્થળ | ભરાતા પાણીની ઉંડાઈ ઈંચમાં |
|---|---|---|
| ઘાટલોડિયા | હિરાબાગ સોસા.રોડ | ૯ |
| બોડકદેવ | મહિલા તળાવ પાસે | ૯ |
| ચાંદલોડિયા | ગાયત્રીનગર અંડર પાસ | ૯ |
| સરખેજ | શાંતિપુરા ચાર રસ્તા | ૧૨ |
| મણિનગર | ઉત્તમનગર ગાર્ડન | ૧૨ |
| મણિનગર | ફરકી | ૧૩ |
| મણિનગર | રાવજીભાઈ ટાવર | ૧૨ |
| મણિનગર | વલ્લભવાડી | ૯ |
| મણિનગર | મિલ્લતનગર ચાર રસ્તા | ૧૨ |
| મણિનગર | રમા ચોક | ૧૨ |
| ખોખરા | હાટકેશ્વર ચાર રસ્તા | ૧૨ |
| બહેરામપુરા | ન્યુ ફેઝલનગર | ૧૦ |
| કુબેરનગર | ગરનાળા | ૧૨ |
| બાપુનગર | ૧૩૭ બસ સ્ટેન્ડ પાસે | ૧૨ |
| ઈન્ડિયા કોલો. | પ્રતિક શાક માર્કેટ પાસે | ૧૨ |
| ઈન્ડિયા કોલો. | ત્રિકમલાલ ચોખઠા પાસે | ૧૨ |
| રામોલ | બોમ્બે કંડકટર રોડ | ૧૨ |
| ગોમતીપુર | ફાયર સ્ટેશન | ૨૪ |
| ગોમતીપુર | સોમા ટેક્ષટાઈલ | ૧૨ |
| ગોમતીપુર | પટેલ મીલ | ૧૨ |
| રાણીપ | કાળીગામ અંડરપાસ | ૩૦ |
| વાસણા | પ્રજાપતિ ગાર્ડન | ૧૮ |
| પાલડી | શાંતિવન ચાર રસ્તા | ૧૨ |
| પાલડી | હીરાબાગ ક્રોસીંગ | ૧૨ |
| ઉસ્માનપુરા | અંડરપાસ | ૮ |
| પાલડી | શ્રેયસ બ્રીજ | ૧૦ |
| પાલડી | વકીલ હાઉસ | ૧૦ |
| ચાંદખેડા | માનસરોવર રોડ | ૧૦ |

| ઝોન | કુલ સ્થળ |
|---|---|
| ઉ.પ. | ૭ |
| દ.પ. | ૩ |
| દક્ષિણ | ૨૫ |
| ઉત્તર | ૧૧ |
| પૂર્વ | ૫ |
| પશ્ચિમ | ૧૬ |
| કુલ | ૬૭ |

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઘ્વારા દર વર્ષે ચોમાસા પહેલા એક્શન પ્લાન તૈયાર કરવામાં આવે છે પરંતુ માત્ર એક-બે ઈંચ વરસાદ માં જ આ પ્લાન નું ધોવાણ થઈ જાય છે. તંત્ર ઘ્વારા અબજો રૂપિયા ના ખર્ચથી સ્ટોર્મ લાઈનો નાખવામાં આવી છે. પરંતુ તેમાં પણ ગેરકાયદેસર જોડાણો થઈ ગયા છે તેમજ આ લાઈનોમાં બારે મહિના ગટરના પાણી વહી રહયા છે તેથી તેની સફાઈ પણ થઈ શકતી નથી.ચોમાસામાં માત્ર બે ઈંચ વરસાદમાં જ અત્યંત ભયજનક સ્થિતિ નું નિર્માણ થાય છે. નાગરિકો ને ભારે હાલાકી નો સામનો કરવો પડે છે જયારે શાસકો અને વહીવટીતંત્ર હંમેશાની માફક સબ સલામતની આલબેલનો પોકાર કરે છે.૨૦૨૪માં આવી સમસ્યાનું નિર્માણ ના થાય તે માટે કામગીરી કરવામાં આવી રહી છે. તેવા દાવા તંત્ર કરી રહ્યું છે પરંતુ નાગરિકોને ૧૦૦ ટકા ભરોસો રહ્યો નથી તે બાબતની પણ ચર્ચા થઈ રહી છે.

# ગુજરાતમાં આજથી પ્રિ-મોન્સૂન એક્ટિવિટી, ૧૦ જિલ્લામાં વરસાદ લાવશે

**વરસાદ લાવનારી ચાર સિસ્ટમ સક્રિય થવાથી લોકોને ગરમી સામે રાહત મળશે**

**(એજન્સી)અમદાવાદ,**
સ્થાનિક હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની છે. લોકોને આગામી ૨૪ કલાક સુધી ભારે ગરમીથી રાહત મળવાની નથી. ત્યારબાદ આવતીકાલથી વીજળીના કડાકાભડાકા સાથે રાજ્યના ૧૦ જેટલા જિલ્લામાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની હળવા વરસાદની શક્યતા છે. આ હળવો વરસાદ ચારથી પાંચ દિવસ સુધી રહેવાનો હોવાથી તે વિસ્તારોના વાતાવરણમાં ઠંડક પ્રસરી જશે.

રાજ્યમાં પ્રિ-મોન્સૂન એક્ટિવિટી શરૂ થવા પાછળ ચાર સિસ્ટમ જવાબદાર છે. રાજસ્થાન ઉપર બે સિસ્ટમ, મધ્યપ્રદેશ પર એક અને અરબ સાગર ઉપર એક સિસ્ટમ સક્રિય થવાના કારણે ગુજરાતમાં હળવો વરસાદ પડવાનો છે. રાજ્યમાં કાળઝાળ ગરમી વચ્ચે હળવો વરસાદ થવાની આગાહીને ચકાસતા આવતીકાલે નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ દાદરાનગર હવેલીના છૂટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડશે. જ્યારે ૧૨ મેના રોજ અરવલ્લી, સાબરકાંઠા, દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ અને દમણ દાદરાનગર હવેલીમાં હળવો વરસાદ પડી શકે છે. ૧૩ મેના રોજ આ તમામ વિસ્તારોમાં હળવો વરસાદ થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

જ્યારે ૧૪ મેના રોજ આ તમામ વિસ્તારો ઉપરાંત સુરેન્દ્રનગર, બોટાદ, જામનગર, અમરેલી અને ભાવનગરમાં વરસાદ પડી શકે છે. પ્રિ-મોન્સૂન એક્ટિવિટી અંતર્ગતનો વરસાદ ૧૫ મેના રોજ પણ રાજ્યના વલસાડ, નવસારી, ડાંગ, તાપી અને દમણ દાદરાનગર હવેલી વિસ્તારમાં પોતાની હાજરી નોંધાવશે.

૧૧ મેથી ૧૪ મેની સવાર સુધી હળવા વરસાદની સાથે વીજળીના કડાકાભડાકા અને ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ ધરાવતો પવન ફૂંકાઈ શકે છે.

અમદાવાદ માટે ગઈ કાલનો વધુ એક દિવસ આકરી ગરમીનો રહ્યો હતો અને આજે પણ ગરમીનો પારો ૪૩ ડિગ્રીએ જોવા મળવાનો હોવાથી શહેરમાં સતત ગરમીને લગતું યલો એલર્ટ યથાવત રહેવા પામશે. આજે સવારે ૨૮.૮ ડિગ્રી જેટલું ઊંચું લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. જે સામાન્ય કરતાં ૨.૧ ડિગ્રી વધુ હોવાથી અમદાવાદીઓએ સવારથી જ આકરી ગરમી અનુભવી હતી.

**PACIFIC SCHOOL OF ENGINEERING**
Approved by AICTE, New Delhi, Af filiated to GTU, Ahmedaba

We are looking for experienced, dynamic and result oriented faculties for the post mentioned below.

| Department | | Degree Engg. | | | Diploma Engg. | |
|---|---|---|---|---|---|---|
| | | Professor | Asso.Prof. | Asst.Prof. | HOD | Lecturer |
| Mechanical Engineering | | 1 | 3 | 2 | - | 2 |
| Electrical Engineering | | 1 | 2 | 3 | 1 | 3 |
| Civil Engineering | | 1 | 3 | 2 | - | 1 |
| Chemical Engineering | | 1 | 2 | - | - | - |
| Computer Engineering | | 1 | 3 | 2 | 1 | 9 |
| Integrated M.Sc.IT | | 1 | 1 | 3 | - | - |
| Applied Science and Humanities | Mathematics | - | - | 3 | - | 1 |
| | Chemistry | - | - | 1 | - | - |
| | Management | - | - | 2 | - | - |
| | English | - | - | 2 | - | 1 |
| | Electronics & Communication | - | - | 1 | - | - |

Experience and Qualification are required as per the norms of AICTE/UGC/GTU/Govt. of Gujarat.
Application forms can be downloaded from Institute website.
The application along with photograph and self attested certificates can be sent through Post/Courier/Email, latest by 27th May 2024.
Incase of non availability of Professor/Asso.Prof. the respective post would be filled by recruiting Assist.Professor.

At. & Po. Sanki, Kadodra- Palsana Highway (NH-48), Tal.: Palsana, Dist.: Surat-394 305 Website: www.pacific-soe.ac.in Mobile No.: 9904408838
Email : suratpacific@gmail.com
Date: 11-05-2024
Secretary